**આજનો સુવિચાર**

માટીના વાસણ અને પરિવારની કિંમત તેને બનાવનાર જ જાણે છે, તેને તોડનાર નહીં.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૦૮ જૂનાગઢ તા.૧૯-૦૪-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 108, Junagadh : Date : 19 April, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# લોકશાહીનાં મહાપર્વનો પ્રારંભ : ૧૦૨ બેઠકો પર યોજાઈ રહેલું મતદાન



નવી દિલ્હી તા.૧૯

લોકસભાની ચૂંટણીના પ્રથમ તબકકામાં આજે ૨૧ રાજયોની ૧૦૨ લોકસભા ચૂંટણી માટે મતદાન શરૂ થતા જ આ વર્ષની સૌથી ઉતેજના ભરી બની રહેનાર વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશના આગામી શાસકનો નિર્ણયના કાઉન્ટડાઉન પણ શરૂ થઈ ગયું છે.

પ્રથમ તબકકામાં તામિલનાડુમાં તમામ ૩૯ બેઠકો પરનું આજનું મતદાન નિર્ણાયક બનશે. તા.૧ જૂન સુધી ચાલનારી આ લોકતાંત્રીક પ્રક્રિયામાં અંતે તા.૪ જૂનના પરિણામ જાહેર થશે.

આજે સિકકીમ તથા હિમાચલમાં હવે વિધાનસભા ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. આજે પ્રથમ મતદાન કરવા જનારા ચહેરાઓમાં તામિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્તાલીને ચેન્નઈમાં એક મતદાન મથક ખાતે મત આપ્યો હતો.

આજે એક તરફ તામિલનાડુમાં ભારે ગરમીનું યલ્લો એલર્ટ આપવામાં આવ્યું છે તથા દેશના અનેક ભાગોમાં પણ ભારે ગરમીના કારણે વહેલી સવારથી જ મતદાન મથકો પર કતાર લાગી છે અને પ્રથમ એક કલાકમાં જ ૧૦થી ૧૫ ટકા મતદાન નોંધાતા આજે પ્રથમ તબકકામાં ભારે મતદાન થશે તેવા સંકેત છે. પ.બંગાળની ચાર લોકસભા બેઠકો પર આજે મતદાન થઈ રહ્યું છે ત્યાંથી હિંસાના સંકેત છે અને ચુંટણી તંત્ર પણ એલર્ટ બની ગયુ છે. આજે સવારે ૭ વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે. સાત તબકકાના મતદાનના આ પ્રથમ તબકકામાં મુખ્યત્વે ભાજપના નેતૃત્વના એનડીએ સામે પ્રાદેશિક પક્ષો અને કોંગ્રેસના નેતૃત્વના ઈન્ડીયા ગઠબંધનની ટકકર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજના મતદાનને આવરી લેતી તમામ બેઠકોમાં સ્ટાર પ્રચારક રહ્યા છે.

આજે સવારથી મોટાભાગના મતદાન મથકો પર મતદારોની લાંબી કતાર જોવા મળી રહી છે. પ.બંગાળની ચાર બેઠકો પર સૌથી વધુ ૧૫ ટકા મતદાન પ્રથમ બે કલાકમાં જ નોંધાયુ હતું. કુલ ૧૬.૬૩ કરોડ મતદાતા ૧૬૨૫ ઉમેદવારોના ભાવી નકકી કરશે.

## જેલમાં કેજરીવાલનો જીવ લેવાનો પ્રયાસ થઈ રહયો હોવાનાં આક્ષેપોથી ખળભળાટ

નવી દિલ્હી તા. ૧૯

આમ આદમી પાર્ટીનાં સિનિયર કેબિનેટ પ્રધાન આતિશીએ કહ્યું છે કે તીહાર જેલમાં અરવિંદ કેજરીવાલને ઈન્સ્યુલિન આપવામાં આવતું નથી, કેજરીવાલ ડાયાબિટીસથી પીડાય છે. તેમનો જીવ લેવા પ્રયાસ થઈ રહ્યો છે, આતીશીએ આક્ષેપોના પગલે દિલ્હીના લેફટનન્ટ ગવર્નરે જેલના ડીજી પાસે સત્વરે રિપોર્ટ માગ્યો છે. ગઈકાલે તિહાર જેલના સત્તાવાળાઓએ કોર્ટમાં એવી રજૂઆત કરી હતી કે જેલમાં રહેલા કેજરીવાલ ઈરાદાપૂર્વક મીઠાઈ ખાઈ રહ્યા છે જેથી મેડિકલ ગ્રાઉન્ડ ઉપર તેઓ જેલ મુક્ત બની શકે. દરમિયાન આતિશિના આ ગંભીર આક્ષેપોથી મોટી ધમાલ મચી ગઈ છે

## ભારતમાં ડીમેટ ખાતાઓની સંખ્યા ૧૫ કરોડને વટાવી ગઈ

મુંબઇ,તા. ૧૯: માર્ચ ૨૦૨૪માં ભારતમાં ડીમેટ ખાતાઓની સંખ્યા ૧૫.૧ કરોડ સુધી પહોંચી ગઈ હતી. આ વધારો માર્ચ ૨૦૨૪માં ૩૧ લાખ નવા ડીમેટ ખાતા ખોલવાને કારણે થયો છે. બ્રોકરેજ કંપની મોતીલાલ ઓસવાલના ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪ માં દર મહિને સરેરાશ ૩૧ લાખ નવા ડીમેટ એકાઉન્ટ્સ ખોલવામાં આવ્યા છે. આ વલણ સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રહેવાની ધારણા છે. માર્ચમાં ભારતીય બેન્ચમાર્ક નિફટી ૧.૫% વધ્યો હતો.

## દિલ્હીની ડીટીસી બસમાં મહિલા બિકીની પહેરીને આવતા ખળભળાટ

નવી દિલ્હી, તા.૧૯ :રાજધાની દિલ્હીમાં ડિટીસી બસમાં એક મહિલાએ બિકીની પહેરીને મુસાફરી ખળભળાટ મચી ગયો હતો. ડીટીસી બસનો વીડિયો ઝડપથી વાયરલ થઇ રહયો છે જેમાં મુસાફરોથી ઠાંસીને ભરેલી બસમાં મુસાફર મહિલા બિકીની પહેરેલી નજરે પડે છે. આ મહિલાએ જેવી બસમાં ચડી કે પ્રવાસીઓ તેને બિકીનીમાં જોઈને અસહજ બની ગયા હતા.આ અંગેનો વીડિયો એક પ્રવાસી દ્વારા ઉતારવામાં આવ્યો હતો. જેમાં બિકીની પહેરલી મહિલા બસના પગથિયા ચડી રહી છે. થોડાક સમય પછી બાજુમાં ઉભેલી એક મહિલા પ્રવાસી ખસીને બીજી તરફ ખસી જાય છે. મહિલા બસમાં બેઠેલા એક પુરુષ પ્રવાસીને અયોગ્ય ઈશારો કરતી પણ જણાય છે. આ શખ્સ પણ પરેશાન થઈને તરત જ પોતાની સીટ બદલી નાખે છે. વીડિયો એકસ પર ડીટીસી બસનો ફોટો હોવાનો ઉલ્લેખ કરીને સોશિયલ મીડિયા એકસ (ટવીટર) પર વાયરલ કરવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા યુઝર્સ આ વીડિયો ફૂટેજ જોઈને કોઈએ યહ ઈનડિયા હૈ, વિશ્વાસ નહી હોતા, એવી કોમેન્ટ કરી હતી.

# ગત મધ્યરાત્રીનાં ઈઝરાયેલએ ઈરાન પર મિસાઈલ હુમલો કર્યો

## ઈરાનનાં ઈસ્ફહાન એરપોર્ટ પર વિસ્ફોટનાં અવાજો સંભળાયા : મધ્યપૂર્વમાં વધુ એક યુધ્ધનાં ભણકારા

તહેરાન તા.૧૯

ઈઝરાયલે ઈરાન પર મિસાઈલ હુમલો કર્યો છે. એબીસી ન્યૂઝે અમેરિકન અધિકારીઓને ટાંકીને આ માહિતી આપી છે. ઈરાનના ઈસ્ફહાન શહેરના એરપોર્ટ નજીક વિસ્ફોટનો અવાજ સંભળાયો છે. જો કે, ઈઝરાયલે હજુ આ વાતની પુષ્ટિ કરી નથી.

ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સીએ આ જાણકારી આપી છે. ફલાઈટ ટ્રેકિંગ વેબસાઈટ ફલાઈટ રડાર અનુસાર, વિસ્ફોટો બાદ ઘણી ફલાઈટ્સ ઈરાની એરસ્પેસથી ડાયવર્ટ કરવામાં આવી છે. સીએનએન ન્યૂઝ અનુસાર લગભગ ૮ વિમાનોએ તેમનો રૂટ બદલ્યો હોવાના અહેવાલ છે.

ઈસ્ફહાન એ જ પ્રાંત છે જ્યાં નાતાન્ઝ સહિત ઈરાનની ઘણી પરમાણુ સાઈટ્સ આવેલી છે. નાતાન્ઝ ઈરાનના યુરેનિયમ કાર્યક્રમનો મુખ્ય ભાગ છે. આ પહેલા ૧૪ એપ્રિલે ઈરાને ઈઝરાયલ પર ૩૦૦થી વધુ મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો હતો. આ દરમિયાન તેઓએ ઈઝરાયલના નેવાતિમ એરબેઝને નિશાન બનાવ્યું હતું, જ્યાં થોડું નુકસાન પણ થયું હતું.

જોકે, ઈઝરાયલ અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટનની મદદથી ઈરાનના ૯૯ ટકા હુમલાને રોકવામાં સફળ રહ્યું હતું. ઈરાનના હુમલા બાદ ઈઝરાયલે બદલો લેવાની ચેતવણી આપી હતી. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પણ ઈરાન સામે બદલો લેવાની યોજના બનાવવા માટે યુદ્ધ કેબિનેટ સાથે પાંચ બેઠકો યોજી હતી.

હુમલાના સમાચારના લગભગ ૪ કલાક બાદ ઈરાને ફલાઈટ્સ પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. તેહરાનના ઈમામ ખોમેની અને મેહરાબાદ એરપોર્ટ પર સેવાઓ પુર્નઃ શરૂ થઈ ગઈ છે.

CNN ન્યૂઝ અનુસાર, ઈરાન પર હુમલાના સમાચાર વચ્ચે દુબઈથી તેહરાન જઈ રહેલી ફલાઈટ શુક્રવારે સવારે UAE પરત ફરી હતી. ખરેખરમાં હુમલા બાદ તેહરાનના ઈમામ ખામેની એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું હતું. ફલાય-દુબઈ કંપનીએ કહ્યું કે તેઓએ ઈરાન જતી તમામ ફલાઈટ્સ કેન્સલ કરી દીધી છે.

ઈરાનની ન્યૂઝ એજન્સીએ એવો દાવો કર્યો હતો કે ઈરાનનાં શહેર ઈસ્ફહાનના એરપોર્ટ નજીક પ્રચંડ વિસ્ફોટ સંભળાયો હતો.જેને પગલે ઈરાને એરકડીશન્ડ સીસ્ટમ એકટીવ કરી દીધી હતી. ઉલ્લેખનીય છે કે ઈરાનનાં અનેક અણુ સ્થળો ઈસ્ફાહાન ક્ષેત્રમાં જ છે.જોકે કોઈ અણુ પ્લાન્ટને નિશાન બનાવવામાં આવ્યા નથી અને તમામ સુરક્ષિત છે.

## શેરબજારમાં કડાકો : સેન્સેકસમાં ૫૦૦ પોઈન્ટનું ગાબડું

### છેલ્લા ચાર દિવસમાં શેરબજારમાં ૨૫૦૦ પોઈન્ટનું ધોવાણ રોકાણકારોનાં રૂા. ૯.૨૫ લાખ કરોડ સ્વાહા..



મુંબઈ તા.૧૯

મુંબઈ શેરબજારનો સેન્સેકસ ૫૦૦ પોઈન્ટ ગગડયો હતો તો સોનુ ફરી એક વખત રેકોર્ડ સપાટીએ પહોંચી ગયું છે. રૂપિયો પણ તૂટયો છે અને ડોલર સામે રૂપિયાએ ૮૩.૫૦ની નવી નીચી સપાટી નોંધાવી છે અને ઈઝરાયેલ હુમલાની માહિતી સાથે સેન્સેકસ એક તબકકે ૬૦૦ પોઈન્ટ ગગડયો હતો. ખાસ કરીને હુમલાની તિવ્રતા અંગે આવી રહેલા અહેવાલો તો ઈરાનના અણુ મથકો પર કોઈ હુમલો થયો નથી તે અહેવાલ બાદ થોડો ગભરાટ શમ્યો હતો. ક્રુડતેલ ૩% વધીને ૮૮.૮૬ ડોલર પ્રતિબેરલ પહોંચી ગયુ છે. સોનુ ૧% વધ્યુ છે.

છેલ્લા ચાર દિવસમાં સેન્સેકસ કુલ મળીને ૨૪૯૫ પોઈન્ટ ધોવાયો છે, રોકાણકારોના ૯.૩૦ લાખ કરોડ રૂપિયા એમાં સાફ થઈ ગયા છે. ગઈકાલે દોઢ વાગ્યાની આસપાસ બજારમાં એકાએક વેચવાલીનાં પોટલાં છૂટયાં અને નાનકડા ધરતીકંપ જેવી સ્થિતિ જોવાઈ એ વિશે કોઈ જ સંતોષકારક કારણ મળતું નથી. બજારની ટેકનીકલ નબળાઈ, અતિ ઊંચે ગયેલા વેલ્યુએશનથી માંડીને ગીનગીન કે બદલો લેવાની ઈઝરાયલની મંશા સુધીની વિવિધ વાતો મંડાય છે.

# કેનેડાના ટોરેન્ટો એરપોર્ટ પર રૂા. ૧૩૪ કરોડનાં સોનાની દિલધડક લુંટના બનાવમાં બે ભારતીય સહિત ૬ની ધરપકડ

## લુંટારા સોનાની લગડીઓ અને ફોરેન કરન્સી ભરેલું આખું કન્ટેનર જ ઉઠાવી ગયા

ટોરેન્ટો,તા.૧૯

કેનેડાના ઈતિહાસમાં સૌથી મોટી લૂંટ થઈ તેમાં બે ભારતીય મૂળના શખ્સ કુલ ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. એપ્રિલ ૨૦૨૩માં ટોરેન્ટોના મુખ્ય એરપોર્ટની સ્ટોરેજ ફેસિલિટીમાંથી સોનાની લૂંટ કરવામાં આવી હતી જેની વેલ્યુ ૨૨ મિલિયન કેનેડિયન ડોલર જેટલી હતી. આ કેસમાં બુધવારે પોલીસે ૬ લોકોની ધરપકડ કરી છે.

કેનેડાના ઈતિહાસની સૌથી મોટી લૂંટમાં બે ભારતીય મૂળના લોકો સહિત કુલ ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ટોરેન્ટોના મેઈન એરપોર્ટની સ્ટોરેજ ફેસેલિટીમાં એપ્રિલ ૨૦૨૩માં થયેલી આ લૂંટમાં સોનાની લગડીઓ તેમજ ફોરે કરન્સી ભરેલું આખું કન્ટેનર લૂંટારા ઉડાવી ગયા હતા, જેમાં ભરેલા કિંમતી સામાનની વેલ્યૂ ૨૨ મિલિયન કેનેડિયન ડોલર જેટલી થતી હતી.

આ કન્ટેનર સ્વિટઝર્લેન્ડના ઝુરિકથી બાય એર કેનેડાના ટોરેન્ટોના પિઅર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થયું હતું. આ કેસની પોલીસ ફરિયાદ અનુસાર એર કેનેડાના બે ભૂતપૂર્વ કર્મચારીઓએ આ લૂંટમાં આરોપીઓની મદદ કરી હતી, જેમાંથી એક હાલ પોલીસની કસ્ટડીમાં છે જ્યારે બીજાની સામે અરેસ્ટ વોરન્ટ ઈશ્યૂ કરવાની કામગીરી ચાલી રહી છે.

બુધવારે આ મામલે કેનેડિયન પોલીસે જે છ લોકોની ધરપકડ કરી હતી તેમાં પરમપાલ સિંધુ અને અમિત જલોટાનો સમાવેશ થાય છે. આ બંને મૂળ ભારતીય છે અને કેનેડાના ઓન્ટારિયોમાં રહે છે, તેમના સિવાય કેનેડિયન પોલીસે અમ્માદ ચૌધરી, અલી રઝા, પ્રસાદ પારામલિંગમ નામના આરોપીઓ સામે પણ વોરંટ ઈશ્યૂ કરાવ્યું છે.

કેનેડાની પીલ પોલીસે સિમરન પ્રીત પાનેસર, અર્ચિત ગ્રોવર અને અરસલન ચૌધરી સામે પણ આ લૂંટમાં કથિત સંડોવણી બદલ વોરન્ટ ઈશ્યૂ કર્યા હતા. એર કેનેડાએ પણ એક સમયે લૂંટમાં સામેલ સિધુ અને પાનેસર પોતાના કર્મચારીઓ હોવાનું કન્ફર્મ કર્યું હતું, પરંતુ તેમાંથી એક આરોપીએ તેની અરેસ્ટ થાય તે પહેલા જ જોબ છોડી દીધી હતી, જ્યારે બીજાને તપાસ પૂરી ના થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો.

આ કેસના મુખ્ય તપાસ અધિકારી માઈક માવિટીએ ટોરેન્ટોના એરપોર્ટ પર થયેલી લૂંટને કેનેડાના ઈતિહાસની સૌથી મોટી લૂંટ ગણાવતા કહ્યું હતું કે એર કેનેડાના કર્મચારીની મદદથી જ આ સમગ્ર કાવતરૂં પાર પાડવામાં આવ્યું હતું.

કેનેડાની પોલીસે એક આરોપીની અમેરિકાથી પણ ધરપકડ કરી હતી.. લૂંટ કરનારા આરોપીઓ પાસે કેટલાક મોડિફાઈડ હથિયારો પણ હતા. પોલીસને લૂંટવામાં આવેલું કેટલુંક ગોલ્ડ પણ જપ્ત કરવામાં સફળતા મળી છે, જોકે ઘણું સોનું લૂંટારાએ ઓગાળી દીધું હોવાની પણ આશંકા છે, કારણકે આ કેસની તપાસ દરમિયાન ગોલ્ડ ઓગાળવાના સાધનો પણ પોલીસને મળી આવ્યા હતા.

આ લૂંટને ૧૭ એપ્રિલ ૨૦૨૩ના રોજ અંજામ આપવામાં આવ્યો હતો, જેમાં સ્વિટ્ઝર્લેન્ડથી આવેલા કન્ટેનરને એરક્રાફટમાંથી ઉતારીને કાર્ગો ફેસિલિટીમાં લઈ જવાયું હતું પરંતુ તેને તેની નિશ્ચિત જગ્યા પર પહોંચાડાય તે પહેલા જ લૂંટારા કાર્ગો ફેસિલિટીમાં પહોંચી ગયા હતા અને તેમણે તેમાંથી સામાન કાઢીને ડિલિવરી ટ્રકમાં ચઢાવી દીધો હતો ત્યારબાદ તેઓ કોઈને જરા સરખો પણ અણસાર ના આવે તે રીતે આ ટ્રકને લઈને રફુચક્કર થઈ ગયા હતા.

# અમદાવાદનાં અસારવા વિસ્તારમાં દિવાલ ધસી પડતા પાંચ દટાયા : બેનાં મોત



અમદાવાદ તા. ૧૯

અમદાવાદનાં અસારવા વિસ્તારમાં દાદા હરિની વાવ પાસે આવેલી રેલવેની દિવાલ ધસી પડી હતી. દિવાલ ધસી પડતાં બાજુમા રહેતાં કુલ પાંચ લોકો દટાયા હતા. જેમાં ૨ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. જ્યારે ત્રણ લોકોને ઈજા થતાં સારવાર માટે ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડની ટીમ ત્યાં પહોંચી હતી. જોકે ફાયરની ટીમ પહોંચે તે પહેલા સ્થાનિક લોકોએ તમામ લોકોને બહાર કાઢી લીધા હતા. જેમાં બે વ્યક્તિઓ ઘટનાસ્થળે જ મૃત્યુ પામેલા હતા. જ્યારે અન્ય ત્રણ લોકો બેભાન હાલતમાં હોવાથી તેમને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યા હતા.

ફાયરબ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું કે, દિવાલ કેવી રીતે ધારાશાઈ થઈ અને આ લોકો દિવાલ પાસે કેવી રીતે રહેતા હતા તે અંગે હજી જાણવા મળ્યું નથી. ફાયર બ્રિગેડની ટીમ હાલમાં કાટમાળ નીચે કોઈ વ્યક્તિ ફસાયેલો છે કે કેમ તે અંગે સર્ચ ઓપરેશન કરવાની કામગીરી કરી રહી છે.

# ગુજરાતમાં આજે ઉમેદવારી નોંધાવવાનો અંતિમ દિવસ

ગાંધીનગર તા. ૧૯

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનાં મતદાન આડે હવે આંગળીના વેઢે ગણાય એટલા જ દિવસ બાકી રહ્યા છે. ત્યારે ઉમેદવારી નોંધાવવાની આજે છેલ્લી તારીખ છે. ગઈકાલે કેટલીક બેઠકો પર ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. ત્યારે આજે કેન્દ્રિય ગૃહમંત્રી અને ગાંધીનગર લોકસભા બેઠકના

### ગાંધીનગરથી અમિતશાહ નવસારીથી સી.આર. પાટીલે, રાજકોટથી પરેશ ધાનાણીએ ઉમેદવારી નોંધાવી

ભાજપના ઉમેદવાર અમિત શાહ, ભાજપ પ્રદેશ પ્રમુખ અને નવસારી લોકસભા બેઠકના ઉમેદવાર સી.આર પાટીલ, રાજકોટ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી અને જામનગર બેઠકના ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમ સહિત વધુ કેટલાક ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ગૃહમંત્રી અમિત શાહ ગાંધીનગર લોકસભા બેઠક માટે વિજય મુહૂર્તમાં ઉમેદવારી નોંધાવવા માટે આવ્યા હતા. જેને લઈને જિલ્લા વહીવટી તંત્રને એલર્ટ મોડ ઉપર રાખી દેવામાં આવ્યું હતું. અમિત શાહ અમદાવાદથી સીધા જ કલેકટર કચેરી ઉમેદવારી નોંધાવવા માટે પહોંચ્યા હતા.

## શુભ લગ્ન વિવાહ (રૂડો અવસર)

અખિલ સૌરાષ્ટ્ર - કચ્છ રઘુવીર સેનાનાં ઉપપ્રમુખ **બીપીનભાઈ સોઢા**ના આંગણે શુભ રૂડો અવસર

અખિલ સૌરાષ્ટ્ર - કચ્છ રઘુવીર સેનાનાં ઉપપ્રમુખ તરીકે સેવા આપતા રઘુવંશી સમાજમાં સારી એવી લોક ચાહના ધરાવતા **બિપીનભાઈ સોઢાનાં** આંગણે શુભ રૂડો અવસર

**ચિ. રિધ્ધિ**

અ.સૌ. અલ્પાબેન તથા બિપીનભાઈ જયંતિલાલ સોઢાની સુપુત્રી

**ચિ. હર્ષલ**

રાજકોટ નિવાસી અ.સૌ. રેખાબેન તથા સુભાષભાઈ ડાયાલાલ રૂપારેલનાં સુપુત્ર સાથે ચૈત્ર સુદ-૧૩ તા. ૨૧-૪-૨૦૨૪ને રવિવારનાં શુભ દિવસે લોઢીયા વાડીમાં રાખેલ છે.


આ શુભ રૂડા અવસરમાં પ્રતિષ્ઠીત વેપારીઓ, રાજકીય અગ્રણીઓ અને સગા-સ્નેહીઓ આ અવસરમાં શોભામાં હાજરી આપી અભિવૃધ્ધિ કરશે


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



Since 1983


શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




CMYK

# દ્વારકામાં રૂક્ષ્મણી મંદિરે શ્રી દ્વારકાધીશના વિવાહનો પરંપરાગત પ્રારંભ





**યાત્રાધામ દ્વારકાના રાજમાર્ગો પર શાહીઠાઠ સાથે રૂક્ષ્મણી માતાજીનો વરઘોડો અગ્યારી અને માંડવા રોપણ સાથે માતાજીને છપ્પન ભોગ અન્નકોટ**

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૯

સમગ્ર સૌરાષ્ટ્ર સાથે ભગવાન શ્રી કૃષ્ણની પૌરાણિક નગરી દ્વારકા જ્યાં ભગવાન શ્રી કૃષ્ણના રૂક્ષ્મણીજી સાથેના વિવાહ ઉત્સવનો ખાસ મહત્વ હોય છે તેવા હજારો વર્ષ પુરાણા રૂક્ષ્મણી માતાજીના મંદિરે ગઈકાલે ગુરૂવારે સવારે ભાવિક,ભક્તો અને યજમાન પરિવારના સાનિધ્યમાં વિવાહ ઉત્સવનો પ્રારંભ થયો હતો મંદિરના પૂજારી અરૂણભાઈ દવે તથા કંદર્પભાઈ દવેના માધ્યમથી મંદિર પરિસરમાં કલાત્મક સુશોભન સાથેના મંડપ તથા સમીયાણામાં વિવાહની અગિયારી તથા માંડવા રોપણનો કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો જેમાં ગઈકાલે સવારના માતાજીને વિવાહ ઉત્સવ અંતર્ગત વિશિષ્ટ મીઠાઈઓ સાથેની ફળ ફુલની વિવિધ વાનગીઓનો છપ્પન ભોગ માતાજીને મહાઆરતી સાથે અર્પણ કરાયો હતો.ભગવાન દ્વારકાધીશના રૂક્ષ્મણી સાથેના વિવાહ માણવા લોકો દુર દુરથી આવતા હોય છે અહીં પુજારી પરિવાર દ્વારા વિધિવત લગ્નનું આયોજન કરવામાં આવે છે.

# જૂનાગઢ મનપામાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા કર્મચારીને કચરાનું ટ્રેક્ટર કેમ ઉભું રાખતો નથી તેમ કહી માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ તાલુકાના ઈવનગર ગામે બનેલા બનાવમાં જૂનાગઢ મનપામાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા અને ઈવનગર ગામે ટ્રેકટરમાં કચરો લેવા જતા કર્મચારીને માર મારવામાં આવ્યો હોવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે ગાંઠીલા ગામના મહેશભાઈ કાંતીભાઈ પરમાર(ઉ.વ.૨૬)એ દિલીપભાઈ કરશનભાઈ જાદવ(ઉ.વ.૩૫) રહે.ઈવનગર વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી જૂનાગઢ નગરપાલિકામાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હોય અને તેઓ ઈવનગર ગામે ટ્રેકટરમાં કચરો લેવા જતા આ કામના આરોપીએ ફરિયાદીને કહેલ કે તું કેમ કચરાનું ટ્રેકર ઉભું રાખતો નથી તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને જેમફાવે તેમ ગાળો દેતા ફરિયાદીએ તેમને ગાળો બોલવાની ના પાડતા તે એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને કાઠલો પકડી લીધેલ તથા શરીરમાં જેમ ફાવે તેમ ઢીકાપાટુ મારવા લાગેલ તથા આરોપીના હાથમાં લાકડાનો બળીયો હોય તે બળીયો ફરિયાદીને વાસામાં તથા છાતીના ભાગે મારી મુંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ ફરિવાર ગામમાં આવીશ તો ટ્રેકટર સળગાવી નાખવાની ધમકીઓ આપી અધીક જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રીલંકાના પૂર્વીય પ્રાંતના ગવર્નરશ્રી સેન્થિલ થોન્ડમન રાજકોટના ઐતિહાસિક સ્થળો નિહાળી પ્રભાવિત



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૯

શ્રીલંકાના પૂર્વીય પ્રાંતના ગવર્નરશ્રી સેન્થિલ થોન્ડમન રાજકોટની મુલાકાતે પધાર્યા હોઈ તેઓએ અહીંની ઐતિહાસિક સાંસ્કૃતિક ધરોહરને નજદીકથી જાણવા અને નિહાળવાનો લાભ લીધો હતો.

ગવર્નરશ્રી સેન્થિલ થોન્ડમનએ જ્યુબિલિ ગાર્ડન સ્થિત વોટ્સન મ્યુઝિયમની મુલાકાત લઈ અહીં સંગ્રહિત પુરાતત્વીય, જૂની વિરાસત, લોક સાંસ્કૃતિક ધરોહરને રસપૂર્વક નિહાળી હતી.

વોટ્સન મ્યુઝિયમના ક્યુરેટર શ્રી સંગીતાબેન રામાનુજ તેમજ સહાયક પુરાતત્વ નિયામક સિધ્ધાબેન શાહે મ્યુઝિયમ સ્થિત કૃતિઓનું મહત્વ સમજાવ્યું હતું. અહીં તેઓએ વી.આર. ના માધ્યમથી ખંભાલીડા બૌદ્ધ ગુફાઓની વર્ચ્યુઅલ ટુર કરી હતી. શ્રી સેન્થિલ થોન્ડમને ગાંધીજીના જીવન કવનને પ્રદર્શિત કરતા રાજકોટના પ્રખ્યાત ગાંધી મ્યુઝિયમની પણ મુલાકાત લીધી હતી. તેઓએ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરવી શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. તેમણે મ્યુઝિયમના વિવિધ કેન્દ્રોની મુલાકાત લઈ "મોહનથી મહાત્માની સફર"ને ઓડિયો વિઝ્યુઅલ માધ્યમથી રસપૂર્વક માણી હતી.

આ સાથે ગાંધીજીનો બચપણથી કિશોરાવસ્થા દરમ્યાન જે જગ્યાએ ઉછેર થયેલો તે કબા ગાંધીના ડેલાની મુલાકાત લઈ તેઓ અત્યંત પ્રભાવિત થયા હતાં.

ગવર્નરશ્રી સેન્થિલની સાથે આદિજાતિ વિભાગના મદદનીશ કમિશનરશ્રી અમિરાજ ખાવડ, રાજકોટ પૂર્વ મામલતદારશ્રી એસ.જી. ચાવડા વગેરેએ ઉપસ્થિત રહી તેઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# ખંભાળિયા: બાઈક તથા મોબાઈલ ચોરી પ્રકરણમાં મેવાસાનો શખ્સ ઝડપાયો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાજેતરમાં મોટરસાયકલ તેમજ મોબાઈલ ફોનની ચોરીના જુદા-જુદા ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયા હતા. જેને અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા એસ.ઓ.જી. વિભાગને કરેલી સૂચના અંતર્ગત ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સિંગરખીયા તથા સ્ટાફ દ્વારા



કરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. અશોકભાઈ સવાણી, જગદીશભાઈ કરમુર તથા જીવાભાઈ ગોજીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઓખા મંડળના મેવાસા ગામે રહેતા રાજાભા મીયાભા માણેક નામના ૧૯ વર્ષના શખ્સને પોલીસે ગોકુલધામ સોસાયટી પાસેથી નીકળતા અટકાવી અને આગવી ઢબે પૂછપરછ કરતા તેના દ્વારા કરવામાં આવેલી જુદી જુદી બે મોટરસાયકલની ચોરી તેમજ એક મોબાઈલ ફોનની ચોરી કરી હોવાની કબુલાત પોલીસ સમક્ષ આપી હતી. આથી પોલીસે કુલ રૂપિયા ૯૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત શખ્સની અટકાયત કરી, વધુ તપાસ અર્થે તેનો કબજો દ્વારકા પોલીસને સોપ્યો છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કર્મચારી સોસાયટીમાં મનુભાઈ વોરા ચિલ્ડ્રન -સીનીયર સીટીઝન પાર્કનું વજુભાઈ વાળાના હસ્તે



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટીમાં મનુભાઈ વોરા ચિલ્ડ્રન-સિનીયર સિટીઝન પાર્કનું પૂર્વ નાણાં મંત્રી અને ગવર્નર વજુભાઈ વાળાના હસ્તે ઉદ્‌ઘઘાટન થયું હતું. મનુભાઈ વોરા મેમોરીયલ ટ્રસ્ટ અને સીઝન્સ સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટનાં આર્થિક સહયોગથી આ પાર્કનું સર્જન થયું છે. આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીનાં પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડીયા, સોસાયટીનાં પ્રથમ પ્રમુખ આર.ડી. આરદેશણા, સોસાયટીનાં મંત્રી અને સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન અજય જોશી, મેનેજીંગ ટ્રસ્ટી અલ્કાબેન વોરા, વાઈસ ચેરમેન કૌશિક મહેતા અને અન્યો ઉપસ્થિત હતા. જાણીતા સમાજસેવી સ્વ. મનુભાઈ વોરાની સ્મૃતિમાં માતબાર રકમના દાનથી બનેલા ચિલ્ડ્રન અને સીનીયર સિટીઝન પાર્કનું નિર્માણ થયું જેને પૂર્વ ગવર્નર વજુભાઈ વાળાએ ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે એમણે મનુભાઈ વોરા સાથેના પોતાના સબંધોને યાદ કર્યા હતા અને જણાવ્યું હતુ કે, મનુભાઈ અન્યો માટે કરી છૂટવા તત્પર રહેતા. રાજકોટ બાલભવન સહીત અનેક સંસ્થાઓનાં સર્જનમાં એમની ભૂમિકા રહી હતી. આજે સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કર્મચારી સોસાયટીમાં એમના નામે પાર્ક બન્યો છે એ આનંદની ઘટના છે. આ પાર્કમાં બાળકો રમતા થશે અને એમના કિલ્લોલથી વાતાવરણ ગુંજશે એ દ્રશ્યો હું કલ્પી શકું છું. આ સોસાયટીને બહુ સસ્તામાં જમીન મળી હતી પણ સોસાયટી માટે જેમને વિચાર આવ્યો એ સૌથી મહત્વનું છે. અહી વિવિધ પ્રવુતિઓ થાય એવી મારી શુભેચ્છા છે. આ સોસાયટીનાં પ્રથમ પ્રમુખ આર.ડી. આરદેશણાએ સોસાયટી કઈ રીતે સ્થપાઈ એની વિગતો આપી હતી. જુની યાદો તાજી કરી હતી. એમણે કહ્યું કે, ઘણી બધી કર્મચારી સોસાયટીનાં સર્જનમાં મારી ભૂમિકા રહી છે. વર્તમાન પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડીયાએ સંસ્થાના ઈતિહાસથી માંડી અને સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિઓની વિગતો આપી હતી. સોસાયટીનાં ૫૦ વર્ષના પ્રસંગે બહુરંગી સોવીનીયર બન્યું અને એ વિષે પણ માહિતી આપી હતી. અને એમણે સોસાયટીમાં અન્ય સંભવિત પ્રવૃત્તિઓ અંગે ભવિષ્યની રૂપરેખા પણ આપી હતી. મનુભાઈ વોરા અંગે વાત કરતા સીઝન્સ સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટનાં કૌશિક મહેતાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં બાલભવનના સર્જનમાં મનુભાઈની મુખ્ય ભૂમિકા હતી અને આજે એમની સ્મૃતિમાં બાલ ક્રીડાંગણ બન્યું છે . સીઝન્સ સ્કેવર ટ્રસ્ટ દ્વારા થતી પ્રવૃત્તિનો પણ એમણે ચિતાર આપ્યો હતો. સોસાયટીનાં મંત્રી અજય જોશીએ સૌનું સ્વાગત કર્યું હતું. આભારવિધી સોસાયટીના ઉપપ્રમુખ શ્રી સજી મેથ્યુએ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત જાણીતા સમાજસેવી અનુપમ દોશીનું પણ અભિવાદન કરાયું હતું. સંચાલન ડો. સેજલ ભટ્ટ અને જીતેશકુમાર એમ. પંડિત દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રો. અનામિક શાહ, અનુપમભાઈ દોશી, સોસાયટીના સ્થાપક મંત્રી યુ.એન. પંડ્યા, ડી.બી. દવે, એન.એસ. ઉપાધ્યાય, પૂર્વ પ્રમુખ પ્રો. યુ.વી. મણવર, ડી.પી. ત્રિવેદી, સહમંત્રી અજયસિંહ પરમાર, સહમંત્રી રમેશ સભાયા, શૈલેષ પટેલ, કૈલેશકુમાર તન્ના, મૌલિકસિંહ ભટ્ટી, એચ.એમ. રાજા સહિત તમામ કારોબારી સમિતિના સભ્યો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, અમરસિંહ રાબા, હિન્દુસ્તાન પ્રોજેક્ટના ભીમાભાઈ કેશવાલા, કર્મયોગી કોલેજના ટ્રસ્ટી ડો. શાંતિલાલ વીરડીયા, રાજકોટના નામાંકિત ડોક્ટર્સ અને અધિકારીઓ પણ ઉપસ્થિત હતા. સોસાયટીનાં પૂર્વ અને વર્તમાન હોદેદારો તેમજ સીઝન્સ સ્કેવર ટ્રસ્ટના ભરત દુદકિયા તેમજ નવરંગ નેચર ક્લબના વી.ડી. બાલા તેમજ મહેશભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને અંતે વરિષ્ઠ પત્રકાર નિલય ઉપાધ્યાય સાથે કલ્પેશ ઉપાધ્યાય અને એડવોકેટ જગદીશ ભટ્ટ વગેરેએ સુંદર ગીત રચના પ્રસ્તુત કરી હતી.

## અવસાન નોંધ - બેસણું



જૂનાગઢ : સ્વ.શેષનાથભાઈ વર્મા(દાતાર સેવક) તે જૂનાગઢ ગુજરાત મિરર દૈનિકના પત્રકાર શૈલેષભાઈ વર્મા તથા રાકેશભાઈ વર્મા ઋષિભાઈ વર્માના પિતાશ્રી ગત તારીખ ૧૫-૪-૨૦૨૪ સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદગતનું બેસણું આજે સાંજે ૫:૩૦ થી ૭:૩૦ તેમના નિવાસ્થાન ગણેશ નગર ખાતે રાખેલ છે. તેમજ સ્વર્ગસ્થની સદગતીની પ્રાર્થના માટે રાત્રે ૮થી ૧૨ ધુન ભજન સાથે શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવશે.

# ખંભાળિયા જાયન્ટસ ગ્રુપ દ્વારા શપથ ગ્રહણ સમારોહ યોજાયો



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૯

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા જાયન્ટસ ગ્રુપના પ્રમુખ હિતિશાબેન (હેલીબેન) સંદીપભાઈ ખેતિયાનો શપથ વિધિ સમારંભ અત્રે રાજ્ય પુરોહિત બ્રહ્મપુરી ખાતે ભવ્ય રીતે યોજાયો હતો.

ખંભાળિયા નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ સંગીતાબા ઘનશ્યામસિંહ જાડેજાએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. ત્યાર બાદ સ્વાગત પ્રવચન રવિભાઈ દવે કર્યું હતું. હિતિશાબેનને જાયન્ટસ ગ્રુપના પ્રમુખ તરીકે ગુજરાતના સૌથી નાની વયના પ્રમુખ તરીકે શપથ ગ્રહણ યુનિટ ડાયરેક્ટર રેણુકાબેન ભટ્ટએ કરાવ્યા હતા. સૌરાષ્ટ્ર ડેવલપમેન્ટ ઓફિસર ઈન્ટરનેશનલમાંથી જયદેવભાઈ ભટ્ટની વિશેષ ઉપસ્થિતી રહી હતી. આ સમારંભમાં બ્રહ્માકુમારીના રીનાબેન, નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ રેખાબેન ખેતિયા, અનિલભાઈ ખેતિયા, જગુભાઈ ખેતિયા, દિલીપભાઈ વ્યાસ, સહિતના આગેવાનો જોડાયા હતા. નવનિયુક્ત પ્રમુખ હિતિશાબેન ખેતીયાને કર્મયોગી કેશવ એવોર્ડ જાહેર કરાયો હતો. જાહેર કરવામાં આવેલો આ એવોર્ડ શૈક્ષણિક કે સામાજિક રીતે જેનું યોગદાન હોય, એવા ૩૫ વર્ષની નીચેના કોઈપણ વ્યક્તિને મળી શકે છે. હિતિશાબેને પોતાના સ્વ. ભાઈ કેશવ ખેતિયાની યાદમાં આ એવોર્ડની જાહેરાત કરી હતી. આ પ્રસંગે હેલીબેન ખેતિયા દ્વારા તેમના તરફથી ૧૧ વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કારતક મહિનામાં તેઓ સર્વે પિતૃઓના મોક્ષાર્થે એક ભાગવત સપ્તાહનું આયોજન કરાયું છે. આ ભાગવત સપ્તાહમાં ભોજનના સંપૂર્ણ દાતા અને ભામાશા તરીકેનું બિરૂદ મેળવેલા ભીખુભા વાઢેર ભોજનના સંપૂર્ણ દાતા તરીકે સહયોગ આપશે. આ ભાગવત સપ્તાહની સાથે સાથે સમાજ ઉપયોગી સર્વરોગ નિદાન કેમ્પ, બેટી બચાવો બેટી પઢાવો, રક્તદાન કેમ્પ, જુદા જુદા પ્રોજેક્ટ દ્વારા સમાજને નવો રાહ આપવામાં આવશે તેમ જાયન્ટસ ગ્રુપના નવનિયુક્ત પ્રેસિડેન્ટ હિતિશાબેન ખેતિયાએ જણાવ્યું હતું.કાર્યક્રમના અંતે આભારવિધિ દિલીપભાઈ વ્યાસે કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિજયભાઈ નકુમ, દીપકભાઈ ચાવડા રવિભાઈ દવે વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢમાં વરલી મટકાના જુગાર અંગે ત્રણ સામે કાર્યવાહી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢમાં વરલી મટકાના જુગાર અંગે ત્રણ સામે પોલીસે કાર્યવાહી કરી છે. ઝાંઝરડા રોડ, કે.જે. મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ નજીક બનેલા બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના હેડકોન્સ્ટેબલ ઈન્દ્રજીતસિંહ રણવીરસિંહે આ કામના આરોપી ધવલ હિમતભાઈ શીંગાળા રહે.બિલખા તેમજ હાજર નહી મળી આવેલ અશોકભાઈ અમૃતલાલ સોઢા, તેમજ કલ્યાણ નાઈટ મોબાઈલ ધારક ૮૩૯૩૫૧૮૮૮૬ ધારક સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે અને જેમાં જણાવેલ છે કે આ કામના આરોપી નં-૧ ધવલ જાહેરમાં મોબાઈલ ફોનના માધ્યમથી આરોપી નં-૨ અશોકભાઈ પાસેથી વરલી મટકાના આંકડા લખી અને કલ્યાણ નાઈટ મોબાઈલ ૮૩૯૩૫૧૮૮૮૬ ધારક રહે.નાસીક મહારાષ્ટ્ર વાળા પાસે કપાત કરી અને વરલી મટકાના જુગાર રમાડતો હોવાની બાતમીના આધારે રેડ કરતા તેને ઝડપી લઈ અને તેની પાસેથી રૂા.૨૪,૪૮૦નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવેલ છે અને મોબાઈલ ફોન ઉપર લખાવનાર અશોક અમૃતલાલ બિલખા તથા કપાત લેનાર નાસીકના શખ્સ વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે. પોલીસે આ બનાવમાં આરોપી વિરૂધ્ધ જુગાર ધારા કલમ ૧૨ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.

# વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિને કુલરની ભેટ મળી




(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર તા.૧૯

વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિને સ્વર્ગસ્થ શ્રી લાલજીભાઈ ભાણાભાઈ વાઘેલાના આત્મા કલ્યાણ માટે ગરીબ બીમાર પરિવારને કુલરની ભેટ આપવામાં આવેલ છે જે જરૂરિયાત વાળા લોકોને વિનામૂલ્યે કોઈ પણ જાતની ડિપોઝીટ કે ભાડા વગર આપવામાં આવશે.આ તકે દાતાનો ગણપતિ ઉત્સવ સમિતિના પ્રમુખ સુરેશભાઈ સાદરાણી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

## અમારા કહ્યામાં નથી



સમીર રજાકભાઈ મહીડા

આથી આ જાહેર નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે સાથેના ફોટાવાળા સમીરભાઈ રજાકભાઈ મહીડા(ઉ.વ.૨૧), ધંધો-મજુરી, રહે.ગુલીસ્તાન સોસાયટી, ગોરી પીર મસ્જીદ પાસે, જૂનાગઢવાળો મારો ભાણેજ થાય છે. તેની સાથે કોઈએ કોઈપણ આર્થિક, સામાજીક કે કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહીં તેમજ સમીર કોઈપણ જાતનું આડા-અવળું પગલું ભરે તો તેની સંપુર્ણ જવાબદારી તેની પોતાની રહેશે. મારી કે મારા પરિવારની કોઈ જવાબદારી રહેશે નહી. જેની સર્વેએ નોંધ લેવી.

લી.

જેઠવા હનીફભાઈ ઉમરભાઈ(મામા)

### હવામાન ખાતાની મહત્તમ તાપમાનની આગાહી

# હાલના સમયમાં અસહ્ય તાપ કે લુથી બચવા માટે ગરમીમાં બહાર નીકળવાનું ટાળવું

## સુર્ય પ્રકાશથી બચવું, વારંવાર પાણી પીવું અને શકય તેટલુ વધારે પ્રવાહી પીવું હિતાવહ

જૂનાગઢ, તા.૧૯

હવામાન ખાતાની આગામી દિવસોમાં મહત્તમ તાપમાનની આગાહી છે ત્યારે ગરમી(લૂ)ની અસરથી બચવા માટેના જૂનાગઢ આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા હાલમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે અને ખેત મજૂરો રોડકામ તથા બાંધકામ કરતા મજુરોને સન-સ્ટ્રોક (લૂ) લાગવાની શક્યતા ધણી વધારે છે, જેથી જૂનાગઢ જિલ્લાની જનતાને સનસ્ટોક(લૂ) થી બચવા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા જૂનાગઢ જિલ્લાની જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે.

લૂ લાગવાના (સનસ્ટ્રોક)ના લક્ષણોમાં માથુ દુખવુ, પગની પીંડીઓમા દુખાવો થવો, શરીરનું તાપમાન વધી જવું, ખૂબ તરસ લાગવી, શરીરમાંથી પાણી ઓછુ થઈ જવું, ઉલ્ટી થવી, ઉબકા આવવા, ચકકર આવવા, આંખે અંધારા આવવા, બેભાન થઈ જવું, સુધ-બુધ ગુમાવી દેવી, અતિ ગંભીર કિસ્સામા ખેંચ આવવીનો સમાવેશ થાય છે.

આરોગ્યલક્ષી અન્ય જરૂરી સૂચનોઓ બહાર પાડવામાં આવી છે, જેમા સીધા સુર્યપ્રકાશથી બચવું, વારંવાર પાણી પીવું અને શકય તેટલુ વધારે પાણી અને પ્રવાહી પીવું, લૂ લાગવાની સ્થિતીમાં લીંબુ સરબત, મોળી છાસ, તાળફળી, અને નારીયલનું પાણી તથા ખાંડ મીઠાનું દ્રાવણ, તથા ઓ.આર.એસ. પુષ્કળ પ્રમાણમા પીવા, ગરમીમાં શકય હોય ત્યાંલ સુધી બહાર નીકળવાનું ટાળવું, દિવસ દરમ્યાન ઠંડક અને છાયામા રહેવું, ગરીમીમાં સફેદ સુતરાઉ ખુલતા અને આખુ શરીર ઢંકાય તેવા કપડા પહેરવા. ટોપી, ચશ્મા, તથા છત્રીમાં માથુ ઢકાય તેમ ઉપયોગ કરવો, નાના બાળકો, સગર્ભા સ્ત્રીઓ, વૃધ્ધો તથા અશકત અને બિમાર વ્યાકિતઓએ તડકામાં વિશેષ કાળજી લેવી, ગરમીમા બજારમાં મળતો ખુલ્લોં વાસી ખોરાક ખાવો નહી, બજારમા વેચાતા બરફનો ઉપયોગ ટાળવો, આર્યુવેદની દ્રષ્ટિએ ગરમીની ઋતુમાં વરીયાળી, કાચીકેરી, ગુલાબ, ખસ, અને કાળી દ્રાક્ષનું સરબત ગુણકારી હોય છે. રાત્રે ૧૦ નંગ કાળી દ્રાક્ષ પાણીમા પલાળી સવારે આ પાણી પીવું અને દ્રાક્ષ ખાવી તેમજ તરબુચનો ઉપયોગ સવારે અને બપોરે કરવો, લૂ લાગવાના કિસ્સા ઓમા જો તાત્કારલીક તબીબી સારવાર લેવામાં ન આવે તો "હીટ સ્ટ્રોક" જેવી ગંભીર સમસ્યા બની શકે છે. લૂ લાગવાની અસર જણાય તો તાત્કાલીક નજીકના "પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર" કે, સરકારી દવાખાનાનો સંપર્ક કરવો. આમ, ગભરાટ વગર સમજદારી અને સાવચેતી એજ સહેલો ઉપાય છે.







# હીટવેવથી પશુધનનું રાખો ખાસ ધ્યાન : પશુપાલકો અને ખેડૂતોએ લેવી વિશેષ કાળજી

## પશુઓને છાયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડું પાણી પુરતા પ્રમાણમાં આપો, તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી કામ ન લો


જૂનાગઢ, તા.૧૯

ગુજરાતમાં આગામી દિવસો દરમ્યાન તાપમાન વધુ રહેવાની શક્યતા છે. જેને અનુલક્ષીને નાગરિકો પોતાના આરોગ્ય તથા પોતાની આસપાસ વસતાં પશુપક્ષીઓને લૂથી બચાવવા તથા પશુપાલકો તેમજ ખેડૂતો પાકના રક્ષણ કરવા માટે કેટલાક ઉપાયો અપનાવે તે જરૂરી છે. ખેડૂતોએ ઉભા પાકને હળવુ તેમજ વારવાર સિંચન કરવું જોઈએ. પાક વિકાસની મહત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો. નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો. વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો. જો તમારો વિસ્તાર હીટવેવ કે ફુંકાતા પવનમાં આવતો હોય તો સ્પ્રિકલરથી સિંચાઈ કરો.

પશુઓને છાયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડું પાણી પુરતા પ્રમાણમાં આપો. તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી કામ ન લો. પશુઓના રહેઠાણનું તાપમાન ઓછું કરવા માટે તેના છતને ઘાસની ગંજીથી ઢાંકો, અથવા સફેદ રંગથી રંગો. પશુ રહેઠાણમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો, વધુ ગરમી હોય તેવા સંજોગોમાં પશુઓ ઉપર પાણીનો છંટકાવ કરો અથવા પશુઓને પૂરતું પાણી મળી રહે તેની વ્યવસ્થા કરો. આહારમાં પશુઓને લીલો ચારો વધુ માત્રામાં આપો. પૌષ્ટિક, સુપાચ્ય અને સંતુલિત આહાર આપો. પશુ આહારમાં ખનીજદ્રવ્ય (મિનરલ મિક્ષ્ચર)નો સમાવેશ કરો. સવાર અને સાંજના સમયે જયારે બહુ ગરમી ન પડતી હોય એ સમયે ચરાવવા લઈ જાઓ. મરઘા ઉછેર કેંદ્રમાં પડદા લગાવો અને હવા ઉજાસની યોગ્ય વ્યવસ્થા કરો.

# ગેસ સિલિન્ડર દ્વારા તા.૭મી મેએ અચૂક મતદાનનો ઘર - ઘર સુધી પહોંચતો સંદેશ

## માંગરોળમાં મતદાન જાગૃતિ માટે આગવો અભિગમ : ગેસ સિલિન્ડર પર 'હું ચોક્કસપણે મતદાન કરીશ જ'...ના સ્ટીકર લગાવાયા





જૂનાગઢ, તા.૧૯

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં જિલ્લા ચૂંટણી તંત્રએ રચનાત્મક અભિગમ સાથે દરેક નાગરિક તા.૭મી મે એ અચૂક મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી બને તે માટે આગવી રીતે મતદાતાઓને પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. માંગરોળમાં ગેસ એજન્સીઓ સાથે સહયોગ સાધી ગેસ સિલિન્ડર પર અચૂક મતદાન કરવાના સંદેશ આપતા સ્ટીકર લગાવવામાં આવી રહ્યા છે. જાણે ગેસ સિલિન્ડર કહી રહ્યા છે, તા.૭-૫-૨૦૨૪ના રોજ મંગળવારે હું ચોક્કસપણે મતદાન કરીશ જ.... આમ, અવસર લોકશાહીનો, અવસર મારા ભારતનો... તેવા મતદાન માટે પ્રેરિત કરતા સ્ટીકર ગેસ સિલિન્ડર પર લગાવવામાં આવ્યા છે. આમ, ઘર-ઘર સુધી અચૂક મતદાનનો સંદેશ પહોંચી રહ્યો છે. મતદાન જાગૃતિના સંદેશ સાથેના આ ગેસ સિલિન્ડર ઘર-ઘર સુધી પહોંચાડતા ડીલવરી મેનના ઉત્સાહમાં પણ વધારો થયો હતો. તેમણે પણ તા.૭મી મે એ અચૂક મતદાનની નેમ વ્યકત કરી હતી. ઉલ્લેખનીય છે કે, જિલ્લા ચૂંટણી તંત્ર નવતર અભિગમ અને જુદા જુદા માધ્યમો દ્વારા દરેક નાગરિક સુધી તા.૭ મી મેએ અચૂક મતદાનનો સંદેશ જન જન સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે.

# ઓખા-દિલ્હી સરાય રોહિલા વચ્ચે દોડશે સ્પેશિયલ ટ્રેન ટિકિટોનું બુકિંગ આજ તા.૧૯ એપ્રિલથી શરૂ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૯

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે ઓખા-દિલ્હી સરાય રોહિલા વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવશે. જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૦૯૫૨૩/૦૯૫૨૪ ઓખા-દિલ્હી સરાઈ રોહિલ્લા સુપરફાસ્ટ સ્પેશિયલ (૨૦ ટ્રીપ્સ) ટ્રેન નંબર ૦૯૫૨૩ ઓખા - દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ ૨૩ એપ્રિલ ૨૦૨૪ થી ૨૫ જૂન ૨૦૨૪ સુધી દર મંગળવારે સવારે ૧૦.૦૦ કલાકે ઓખાથી ઉપડશે, તે જ દિવસે ૧૪.૪૦ કલાકે રાજકોટ પહોંચશે અને બીજા દિવસે સવારે ૧૦.૨૦ કલાકે દિલ્હી સરાય રોહિલા પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૫૨૪ દિલ્હી સરાય રોહિલ્લા-ઓખા સ્પેશિયલ ૨૪ એપ્રિલ ૨૦૨૪ થી ૨૬ જૂન ૨૦૨૪ દરમિયાન દર બુધવારે બપોરે ૧૩.૨૦ કલાકે દિલ્હી સરાય રોહિલ્લાથી ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૯.૦૦ કલાકે રાજકોટ અને બપોરે ૧૩.૫૦ કલાકે ઓખા પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, ઊંઝા, સિદ્ધપુર, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બાંદીકુઈ, અલવર. અને રેવાડી સ્ટેશનો ઉપર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર (ઈકોનોમી), સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસના કોચ હશે. ટ્રેન નંબર ૦૯૫૨૩નું બુકિંગ આજ તા.૧૯ એપ્રિલ, ૨૦૨૪થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ ઉપર ખુલી ગયું છે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા ઉપર વિશેષ ટ્રેન તરીકે દોડશે. સ્ટોપેજના સમય અને બંધારણ અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# સાચું સુખ જોઈતું હોય તો જૈન દીક્ષાનો માર્ગ શ્રેષ્ઠ છે : આચાર્યશ્રી વિજય યોગતિલકસૂરીજી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદમાં યોજાઈ રહેલા ઐતિહાસિક દીક્ષા મહોત્સવમાં નિયા આપવા પધારી રહેલા આચાર્યશ્રી વિજપયોગતિલકસૂરિજી મહારાજાની ખ્યાતિ હીક્ષાના મહાનાયક તરીકે ફેલાઈ રહી છે. તેમના ઉપદેશથી પ્રભાવિત થઈને ૩૫-૩૫ થી વધુ સ્ત્રીપુરૂષો અમદાવાદ ખાતે ૨૨ એપ્રિલે ભાગવતી દીક્ષા અંગીકાર કરવાના છે. આચાર્યશ્રી વિજયયોગતિલકસૂરિજી મહારાજા મુંબઈની એચ.આર. કોલેજમાં ભણીને ૨૧ વર્ષની ઉપરે સી.એ. થયા હતા અને તેમણે પ્રેક્ટિસ પણ શરૂ કરી દીધી હતી. આ દરમિયાન જૈનાચાર્ય વિજપરામયન્દ્રસૂરિજી મહારાજાનાં વૈરાગ્યથી તરબોળ પ્રવચનો સાંભળીને તેમને દીક્ષા લેવાની ભાવના થઈ આવી. માત્ર ૨૩ વર્ષની યુવાન વયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પ્રેક્ટિસ છોડીને તેમણે ઈ.સ. ૧૯૮૮ માં દીક્ષા લીપી. તેમના પ્રવચનો સાંભળીને ૧૨૫ ભાઈઓ અને ૨૩૩ ભહેનો દીક્ષા લઈ ચૂક્યા છે. અત્યારે તેઓશ્રી ૧૩૭ શિષ્યોના ગુરુષદે બિરાજમાન છે. આજના કાળમાં બહુમતી લોકો ખાવાપીવામાં અને હરવાફરવામાં જ જીવનની સાર્થકતા માને છે. આ વાતાવરણમાં આચાર્યશ્રી વિજપયોગતિલકસૂરિજી મહારાજા કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને અથવા સંસારમાં સુખી અને શ્રીમંત તરીકે ઓળખાતા સ્ત્રી-પુરૂષોને કઈ દલીલો વડે દીક્ષા લેવા તૈયાર કરવામાં સફળ થાય છે, એ જાણવા માટે આચાર્ય ભગવંત સાથેની આ મુલાકાત વાંચવી જ રહી.

સવાલઃ આપે સી.એ. સુધી ભણીને દીક્ષા લીધી છે. આપની નિશ્રામાં ૩૫ આત્માઓ દીક્ષા લેવાના છે. આજના કાળમાં વિજ્ઞાન આટલું આગળ વધી ગયું છે ત્યારે દીક્ષાની વાત જૂનવાણી નથી લાગતી.?

જવાબઃ આજે બપા માનવીઓ સંસારમાં સુખ શોધે છે. પણ સાચું સુખ કોઈને મળતું નથી. આજના ગરીબોને તનની બીમારીઓ છે તો શ્રીમતો મનની બીમારીઓના શિકાર બન્યા છે. માટે જ સુખી થવું હોય તો મનને અશાંત કરનાર અપેક્ષાઓના બોજાથી મુક્ત થવું જોઈએ. અપેક્ષાઓથી મુક્ત થવા આત્મામાં પડેલા રાગ, દ્વેપ વગેરે દોષોને દૂર કરવા જરૂરી છે. દોષોને દૂર કરવા માટે એ દોષોની પુષ્ટિ કરનારા નિમિત્તોથી દૂર રહેવું જોઈએ. જ્યાં સુધી તમે સંસારમાં છો, ત્યાં સુધી નિમિત્તોથી બચી ન શકાય, માટે સંસાર છોડવો જોઈએ.

સવાલ : આપ આત્માની વાત કરો છો, પણ હું આત્માને જ માનતો નથી. મારો તો નિયમ છે કે જે દેખાય તે માનવું. આત્મા કથા દેખાય છે? બતાવો, તો હું આપની વાત સ્વીકારૂ.?

જવાબ : જે ન દેખાતું હોય તેના અસ્તિત્વને નકારી કાઢવામાં સમજણનો અભાવ છે. તમારામાં જે બુદ્ધિ છે તે દેખાતી નથી. છતાં તમે તેને માનો છો. આ રૂમમાં રેડિયો, ટીવી, મોબાઈલ, ઈન્ટરનેટ વગેરેના સિગ્નલો દેખાતા નથી, છતાં પણ તેનું અસ્તિત્વ આપણે સ્વીકારવું પડે છે. તેવી રીતે આત્મા દેખાતો નથી તો પણ છે. આત્મા હોવાની સૌથી મોટી સાબિતી મનુષ્યનું મૃત્યુ છે. મૃત્યુ વખતે સમગ્ર શરીર અગાઉ જેવું હોય છે, પણ તે અગાઉની જેમ હલનચલન કરતું નથી, કારણ કે તેમાથી જે તત્ત્વ વિદાય લઈ ચૂક્યું છે તે આત્મા છે.

સવાલ : જૈન સાધુનુ જીવન ખૂબ કષ્ટદાયી છે. એ રીતે જીવવું અમારા માટે શક્ય જ નથી. વળી એવી રીતે જીવવામાં મજા આવે એ વાત તો મગજમાં ઊતરતી જ નથી. શું દીક્ષા લીધા વિના સાત્વિક જીવન ન જીવી શકાય.?

જવાબ : આ વાત સમજવા માટે તમને એક ઉદાહરણ આપું. એક વ્યક્તિને હાર્ટ એટેક આવ્યો છે. તેને ફાઈવ સ્ટાર હોસ્પિટલના આઈ.સી.યુ. માં દાખલ કરવામાં આવ્યો છે. ત્યાં તમામ પ્રકારની સુખસુવિધાઓ છે. એસીની ઠંડક છે, ડનલોપની ગાદી છે, ટીવી સેટ છે. મ્યુઝિક સિસ્ટમમાંથી સંગીત રેલાઈ રહ્યું છે, ટિપોઈ ઉપર ફૂટની ડીશ પડી છે, માયાળુ નર્સો સેવામાં ખડેપગે હાજર છે. સગાવહાલાઓની લાઈનમાં એક માણસ પરસેવે રેબઝેબ થતો ઊભો છે. તેના પગમાં ચંપલ નથી, તેણે ખાદીના કપડાં પહેર્યાં છે, પણ તે નિરોગી છે. આ બેમાંથી કયો માણસ વધુ સુખી જણાય છે? તમને કોની દયા આવે છે ?

સવાલ : આપની તર્કશક્તિ બહુ જોરદાર છે. આઈ.સી.યુ. માં રહેલો માણસ સુખી એટલા માટે નથી કે તે રોગની પક્કડમાં સપડાયેલો છે. આ સંસારમાં બધા માણસો આવા રોગી નથી હોતા, માટે તેઓ દુઃખી નથી હોતા. જેઓ દુઃખી નથી તેમણે દીક્ષા લેવાની શી જરૂર છે. ?

જવાબ : સાચું સુખ સગવડોમાં નથી પણ સ્વતંત્રતામાં છે. આજના શ્રીમંતો સ્વતંત્ર નથી પણ સગવડોના ગુલામ છે. હોન્ડા સિટી કારમાંથી ઊતરતો માણસ તમને સુખી લાગે છે. પણ હડીક્તમાં તે પરાપીન છે, માટે દુઃખી છે. આ ગાડી રસ્તામાં ભગડી જાય તો તે અસ્વસ્થ થઈ જાય છે. ગાડીનો અકસ્માત થાય તો તેનો જીવ જાય છે. અરે, ડ્રાઈવર દરવાજો ખોલવામાં મોડું કરે તો પણ તે દુઃખી થઈ જાય છે. આ દુઃખનું કારજા પરાપીનતા છે. જૈન સાધુ કંચન, કામિની, બાળકો, ગાડી બંગલો, બેક્ર બેલેન્સ વગેરેના મીહથી પરહોય છે. માટે સુખી હોય છે.

સવાલ : આપ સી.એ. છો. આપની પાસે બુદ્ધિ છે. આપ ધારો તો લાખો રૂપિયા કમાઈ શકો છો. આપ આ રીતે લાખો રૂપિયા કમાઈને ગરીબ લોકોને રોટી, કપડાં, મકાન વગેરે આપી એ વૃધ મહત્ત્વનો ઉપકાર નથી ?

જવાબ : સંસારના બધા દુઃખોનું ખરું કારણ રોટી, કપડાં, મકાન વગેરે સામગ્રીઓનો અભાવ નથી, પણ મનને અસ્વસ્થ બનાવતા દોષોની પુષ્ટિ રૂપ પાપોનું આચરણ છે. જો આવું ન હોય તો શ્રીમંતો ભયા સુખી જ હોત. જગત ઉપર સૌથી મોટો ઉપકાર એ છે કે આપણે રાગ, દ્વેપ, કપાય, ઈર્ષ્યાદિને દૂર કરીએ અને તેથી જ હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ વગેરે પાપોથી મુક્ત થઈ જઈએ. જૈન સાધુ પોતે પાપો કરતાં નથી અને બીજાને પાપોથી મુક્ત થવાનો ઉપદેશ આપે છે. જૈન સાધુ પોતાના આચરણ દ્વારા સાબિત કરે છે કે સાચા સુખની પ્રાપ્તિ માટે સાપુજીવન શ્રેષ્ઠ જીવનપદ્ધતિ છે.

સવાલ : આજે જે રીતે નાનાં અબુધ બાળકોને દીક્ષા અપાય છે તે સાવ ખોટું છે. જેણે હજી સંસાર જોયો પણ નથી તેવાં નાનાં બાળકને દીક્ષા આપવામાં બાળકના ઉપર જુલમ થતો હોય તેવું નથી લાગતું ?

જવાબ : નાનું બાળક પોતાના ભવિષ્ય વિશે વિચારી શકે એટલું પુપ્ન નથી હોતું પરંતુ તેના વાલીઓ તો તેનું ભવિષ્ય ક્યાં વધુ ઉજ્જ્વળ છે, તે જરૂર વિચારી શકે છે. માટે જૈન શાસનમાં ૧૯ વર્ષથી ઓછી ઉંમરના બાળકને તેના વડીલની સંમતિ વિના દીક્ષા ન આપવાનો નિયમ બનાવવામાં આવ્યો છે. આજનાં માબાપો આધુનિક શિક્ષણના મોહમાં અઢી વર્ષના બાળકને પ્લે સ્કૂલમાં પકેલી તેનું બાળપણ બરબાદ કરે છે, તેનો તમે વિરોષ નથી કરતા, તો જે દીક્ષા લેવાથી બાળકનું અવશ્ય કલ્યાણ થવાનું છે તેનો શા માટે વિરોષ કરો છો? નાની ઉંમરે દીક્ષા લેવાથી કપાપો કન્ટ્રોલમાં રહેવાથી, મનની અસ્વસ્થતા નહીં થાય અને દુનિયાની જીવસૃષ્ટિને ત્રાસ આપવાનું પાપ બાળસાપુ પણ નહીં કરે.

સવાલ : જૈન સાધુના રહેવાની ભોજનની, વસ્ત્રોની, દવાની વગેરે વ્યવસ્થા તો સમાજે કરવી પડે છે. આપને નથી લાગતું કે સમાજ ભારરૂપ બનીને જીવવાને બદલે સાધુએ આજીવિકા રળી લેવી જોઈએ ?

જવાબ :ભારતના વડા પ્રધાનના ભોજન, આવાસ, મુસાફરી, દવાઓ, સુરક્ષા વગેરેની જવાબદારી સરકાર અથવા પ્રજા વહન કરે છે. કારણ કે વડા પ્રયાનનું જીવન પ્રજાની ભૌતિક સુખસગવડો માટે સમર્પિત હોય છે. ભારતનાં ગામો ગામડે કરતા સાધુસંતો પ્રજાના આધ્યાત્મિક સુખની જવાબદારી સંભાળે છે. દેશના લોકોને માનસિક શાંતિની ભેટ કોણ પરે છે ? વડા પ્રધાનનાં પ્રવચનો કે સાધુસંતોનો સંગ? સાધુસંતોના ઉપદેશને કારણે લોકો ગુનાઓ કરવાથી દૂર રહે છે, જેને કારણે દેશમાં કાયદાનું શાસન બરાબર ચાલે છે. પોલીસોનું કામ ઘટી જાય છે. આ સેવાના બદલામાં સમાજ સ્વેચ્છાએ સાધુસંતોની સગવડો ભક્તિભાવથી કરે તો તેમાં વાંધો ક્યાં છે.

સવાલ : સાચા સુખી બનવા માટે સાધુ થવું જોઈએ, એ વાત સમજાઈ ગઈ છે, પણ હવે એક સવાલ બાકી રહે છે. આજના ઘણા સાધુઓની જિંદગીમાં પણ આવું સુખ જોવા મળતું નથી. વળી તેઓ આત્માની વાતો કરવાને બદલે સંસારની જ વાતો કરતા હોય છે. ત્યારે એમ લાગે કે સંસારમાં રહીને સારું જીવન જીવવું જોઈએ.

જવાબ : તમારો સવાલ સિદ્ધાંતને લગતો નથી પણ વ્યક્તિને લગતો છે. વ્યક્તિની ખરાબીથી દીક્ષાધર્મ અયોગ્ય ઠરતો નથી. હીરાબજારમાં કોઈ ઉઠમણું કરે એટલે લોકો ધંધો બંધ નથી કરી દેતા. કોઈ પતિપત્ની વચ્ચે અણબનાવ થાય અને તેઓ છૂટાછેડા લે તેને કારણે લોકો લગ્ન કરવાનું બંધ નથી કરી દેતા. તેવી જ રીતે અપવાદરૂપ કિસ્સામાં કોઈ સાધુ પોતાના વ્રતનો ભંગ કરે તેનાથી સાધુધર્મ ખોટો સાબિત નથી થઈ જતો. આજના કાળમાં પણ સાચું સાધુજીવન જીવનારા ત્યાગી, તપસ્વી, જ્ઞાની સાધુઓ મોટી સંખ્યામાં છે. જેઓ સાચા સુખની પ્રાપ્તિ કરવા માંગતા હોય તેમના માટે સર્વસંગનો તયાગ કરવાનો એકમાત્ર વિકલ્પ સાધુજીવન છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

### તંત્રી લેખ

# રોજગારનો પડકાર

ભારતીય ટેક્નોલોજી સંસ્થા (આઈઆઈટી)ની ગણના દેશ જ નહીં, પરંતુ દુનિયાભરની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થાઓમાં થાય છે. આકરી પ્રતિસ્પર્ધા બાદ છાત્રોને આ સંસ્થાઓમાં પ્રવેશ મળે છે, જ્યાં ભણતર અને પ્રશિક્ષણનું સ્તર બહુ કઠિન હોય છે. તેમ છતાં આ વર્ષે ત્યાંના ૩૦-૩૫ ટકા સ્નાતકોને કેમ્પસ પ્લેસમેન્ટથી નોકરી નથી મળી શકી. ગયા વર્ષની તુલનામાં ભરતીની પ્રક્રિયા ધીમી છે. ઉલ્લેખનીય છે કે ઈન્ફર્મેશન ટેકનિકના ક્ષેત્રે વૈશ્વિક સ્તર પર ઓછી નોકરીઓ ઉપલબ્ધ છે અને આપણા દેશમાં પણ તેની અસર દેખાઈ રહી છે. કારકિર્દીની સુરક્ષાને કારણે કેટલાક છાત્રો સરકારી અને જાહેર સાહસોમાં પણ નોકરી કરવા માગે છે. જે છાત્રોને પ્લેસમેન્ટ નથી મળતું, તેમાંથી અનેક કોચિંગ સંસ્થાઓમાં ભણાવવાનું કામ કરી રહ્યા છે. ટેકનિક, એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટની સારી સંસ્થાઓના ઘણા વિદ્યાર્થીઓ અપેક્ષાથી ઓછા વેતન પર પણ કામ કરી રહ્યા છે. આ ચિંતાજનક સ્થિતિ છે અને ઉદ્યોગ જગતે આગળ આવીને પ્રતિભાઓને અવસર પ્રદાન કરવા જોઈએ.

તેના વિરૂધ્ધ બીજી સમસ્યા આપણા દેશમાં એ છે કે વિભિન્ન શિક્ષણ સંસ્થાઓના સ્નાતકોનો મોટો હિસ્સો રોજગાર માટે લાયક જ નથી. હાલમાં જારી આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન અને ઈન્સ્ટટ્યિૂટ ઓફ હ્યુમન ડેવલપમેન્ટના રિપોર્ટમાં રેખાંકિત કરવામાં આવ્યું છે કે કૌશલ અને પ્રશિક્ષણનો અભાવ શિક્ષિત યુવાઓમાં ભારે બેરોજગારીનું મુખ્ય કારણ છે. આપણા દેશનો શિક્ષણ ઉદ્યોગ ૧૧૭ અબજ ડોલરથી વધારે છે અને ઝડપથી નવી નવી કોલેજો પણ ખૂલતી રહે છે. આપણી આબાદીનો એક મોટો હિસ્સો યુવા છે અને અર્થવ્યવસ્થાને ગતિશીલ બનાવી રાખવામાં તેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. વિકાસના આ મોડ પર યુવાઓમાં કૌશલનો અભાવ ભારે નુકસાનનું કારણ બની શકે છે. એક તરફ કેટલીક પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી નીકળેલા લોકો વૈશ્વિક સ્તર પર વિભિન્ન ક્ષેત્રોમાં નેતૃત્વના સ્તર પર છે, તો બીજી તરફ સ્નાતકોની મોટી સંખ્યા પાસે સામાન્ય રોજગાર સુધ્ધા માટે ક્ષમતાની અછત છે. ગયા વર્ષના એક અધ્યયનમાં જોવા મળ્યું હતું ક દેશમાં માત્ર ૩.૮ ટકા એન્જિનિયર છે, જેમની પાસે સ્ટાર્ટઅપમાં સોફ્ટવેર સંબંધી નોકરી માટે જરૂરી કૌશલ છે. આપણા દેશમાં શિક્ષણની જરૂરિયાત અને માંગ જોતાં ખાનગી ક્ષેત્રનું યોગદાન મહત્ત્વનું છે. પરંતુ કેટલીય સંસ્થાઓ એવી છે, જ્યાં શિક્ષકોની અછત છે, પ્રયોગશાળાઓ નથી અને શિક્ષણનું સ્તર કથળેલું છે. જોકે સરકારી અને ખાનગી સંસ્થાઓના નિરીક્ષણ માટે કેન્દ્રીય અને રાજ્ય-સ્તરીય સંસ્થાઓ અને વિભાગ છે, છતાં પણ જો ગુણવત્તાનો અભાવ છે, તો એ બેહદ ચિંતાની વાત છે. આઈઆઈટીના સ્નાતકોને આજે નહીં, તો કાલે નોકરી મળી જશે, પરંતુ બાકીના કૌશલ અને પ્રશિક્ષણ વિશે વિચારવું બહુ જરૂરી છે.

## શ્રમિકોને બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી કામ ન આપવા સૂચના

અમદાવાદ,તા.૧૮

રાજ્યમાં હિટવેવની આગાહીને લઈ વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. મહેસુલ વિભાગ દ્વારા વિવિધ વિભાગોને પત્ર લખી ગુજરાત હિટવેવ એક્શન પ્લાન ૨૦૨૪ હેઠળ કામગીરી કરવા આદેશ અપાયો છે. આરોગ્ય વિભાગને જરૂરી તૈયારી કરવા હુકમ કરાયો છે. સરકારી હોસ્પિટલ, સીએચસી-પીએચસી પર પુરતો દવાનો જથ્થો રાખવા સૂચના કરાયું છે.. હિટવેવથી બચવાના ઉપાયોનો પ્રચાર પ્રસાર કરવા પણ આદેશ અપાયો છે. શહેરી વિસ્તારોમાં રોડ પર શેડની વ્યવસ્થા રાખવા જણાવાયું છે. શ્રમિકોને બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી કામ ન આપવા સૂચના અપાઈ છે. હિટવેવ સાયલન્ટ ડિઝાસ્ટર હોવાથી પુરતી તૈયારી કરવાના આદેશ અપાયા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સેનાપતિ વગરની સેના નષ્ટ થઈ જાય છે.

- આચાર્ય ચાણક્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૧ કામદા એકાદશી, શ્રી વલ્લભાચાર્ય વધાઈ, શ્રી કૃષ્ણ દોલોત્સવ તા.૧૯ એપ્રિલ ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૯, મઘા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૭:૧૨

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આરોગ્ય અંગે સાવચેત રહેવું. મનમાં અશાંતિ રહે.
વૃષભ: દરેક કાર્ય વિલંબથી પૂર્ણ થાય. કાર્યભારમાં વધારો થાય.
મિથુન: મળેલી તકને ઝડપી લેવી, નવિન પ્રગતિ થાય.
કર્ક: વ્યવસાયિક કાર્યોમાં આકસ્મીક લાભ થાય. મન પ્રસન્ન રહે.
સિંહ: ભાગીદારીથી લાભ થાય.ધારેલા કાર્યો પૂર્ણ થાય.
કન્યા: નવિન આવકના દ્વાર ખુલે. મનની બેચેની દૂર થાય.
તુલા: વ્યર્થ ચિંતાના ભોગ બનવું પડે. આકસ્મીક યાત્રાના યોગ છે.
વૃશ્ચિક: અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. ખર્ચ ઉપર કાબુ રાખવો.
ધન: વાણી સંયમ જાળવવો. સરકારી કાર્યમાં રૂકાવટ આવે.
મકર: મનની મનોકામના પૂર્ણ થાય. ધીરજના ફળ મીઠા મળે.
કુંભ: સાહસિક કાર્યોમાં સફળતા મળે. સરકારી કાર્યોમાં સફળતા.
મીન: મિત્ર વર્ગ સાથે મતભેદ રહે. અચાનક ધન લાભ થાય.

### મહિલા એડવોકેટના વાણી-વર્તનથી નારાજ ચીફ જસ્ટિસે કહ્યું

# કોઈપણ એડવોકેટને જજ સાથે ગેરવર્તણૂક કરવાની મંજૂરી નહીં આપીએ




### એડવોકેટે કહ્યું હતું કે,'અમને કોઈ ચોક્કસ તારીખ અપાઈ નથી અને વેકેશન બાદ કેસ રાખવામાં આવ્યો છે

અમદાવાદ, તા.૧૯

ચીફ જસ્ટિસની કોર્ટમાં એક મહિલા એડવોકેટ એક કેસમાં પત્ની તરફથી ઉપસ્થિત રહીને રજૂઆત કરી રહ્યા કે તેમનો કેસ લાંબા સમયથી પેન્ડિંગ છે અને સામાવાળા હાજર થતાં નથી. પત્નીના ભરણપોષણ અને હેરાનગતિનો આ કેસ છે. ચીફ જસ્ટિસે સવાલ કર્યો હતો કે તમારા કેસની તારીખ કઈ છે? ત્યારે એડવોકેટે કહ્યું હતું કે,'તેમની મેટર બોર્ડ પર આવતી જ નથી.' આ તબક્કે એડવોકેટનો અવાજ ઊંચો થયો હોવાથી ચીફ જસ્ટિસે બૂમો નહીં પાડવા કહી ટકોર કરી હતી કે,'દરેક કેસમાં ચોક્કસ તારીખ તો આપવામાં આવે છે. કોર્ટ તારીખ નક્કી કરે અથવા તો સિસ્ટમેટિક રીતે તારીખ આવતી જ હોય છે. ત્યારે તમારે કહેવું પડે કે કઈ તારીખ છે.' એડવોકેટે કહ્યું હતું કે,'અમને કોઈ ચોક્કસ તારીખ અપાઈ નથી અને વેકેશન બાદ કેસ રાખવામાં આવ્યો છે.' હાઈકોર્ટે ટકોર કરી હતી કે,'તમે એડવોકેટ છો અને તમારે કોર્ટમાં આવી રીતે બૂમો પાડવી જોઈએ નહીં. તમે પહેલા બૂમો પાડો છો અને પછી કહો છો કે આ તમારો કુદરતી અવાજ છે. અમે તમને આવી રીતે રજૂઆતની મંજૂરી આપશું નહીં. એટલું જ નહીં કોર્ટ કે કોઈ પણ જજને 'યુ'(તમે) કહીનો સંબોધી શકો નહીં. આ કોઈ એક જજની વાત નથી, આ કોર્ટનો વિષય છે અને તમે કોર્ટના ગૌરવને નજરઅંદાજ કરી રહ્યા છો. તમે ડ્રોઈંગ રૂમમાં બેઠા નથી કે આવું વર્તન કરી શકો. અમે તમારી સામે કન્ટેમ્પ્ટની કાર્યવાહી કરીશું.' આ પ્રકારની ટકોર છતાંય મહિલા એડવોકેટે ઊંચા અવાજે દલીલો ચાલુ રાખતાં ચીફ જસ્ટિસે ભારે નારાજગી સાથે કહ્યું હતું કે,'મહેરબાની કરીને તમારી ભાષા પર કાબૂ રાખો અને ત્યારબાદ કોર્ટમાં આવો. નહીં તો તમને કોર્ટમાં કોઈ પણ રજૂઆત કરવાની તક નહીં આપવામાં આવે. તમને કોર્ટનું ગૌરવ કે સન્માન જાળવતા આવડતું નથી. કોઈ પણ કાઉન્સિલ આ રીતે વતી શકે નહીં. તમે ચીફ જસ્ટિસની કોર્ટમાં આવું વર્તન કરી શકવાની હિંમત રાખતાં હોવ તો અમે સમજી શકીએ છીએ કે તમે અન્ય ન્યાયમૂર્તિની કોર્ટમાં કંઈ રીતે વર્તતા હશો. જો તમારે માફી માગવી હોય તો લેખિતમાં માગો. માફ કરજો, પરંતુ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે મારી જવાબદારી છે કે કોઈ પણ એડવોકેટ કોઈ પણ જજ સાથે ગેરવર્તન ન કરે અને એની સીમા ન ઓળંગે એ સુનિશ્ચિત કરું.'

### EPFOએ પરિપત્ર જાહેર કરી માહિતી આપી

# EPFO ના નિયમોમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે

**આ અંતર્ગત પહેલા ૫૦૦૦૦ રૂપિયા ઉપાડી શકાતા હતા જે વધારીને એક લાખ કરવાની જાહેરાત કરવામાં આવી છે**

નવી દિલ્હી, તા.૧૯

EPFO દ્વારા આ મામલે પરિપત્ર જાહેર કરી માહિતી આપી છે EPFO એ ફોર્મ ૩૧ હેઠળ નાણાં ઉપાડવાની મર્યાદામાં વધારી ને બમણી કરી છે જે પહેલા ૫૦ હજાર રૂપિયા ની મર્યાદા હતી તે વધારીને ૧ લાખ રૂપિયા કરવાં આવી છે ફોર્મ ૩૧માં આશિક ઉપાડ માટેનું ફોર્મ છે જેમાં વિવિધ હેતુઓ માટે સમય પહેલા પૈસા ઉપાડવા માટે થાય છે જેમાં વિવિધ કાર્યો ના ઉદેશ માટે પૈસા ઉપાડી શકાય છે જેમાં લગ્ન માટે તેમજ ઘર બનાવવા કે ખરીદવા મામલે તેમજ મેડિકલ ઈમરજન્સી ને લઈ પૈસા ઉપાડી શકાય છે આ અંતર્ગત પહેલા ૫૦૦૦૦ રૂપિયા ઉપાડી શકાતા હતા જે વધારીને એક લાખ કરવાની જાહેરાત કરવામાં આવી છે જો કે કર્મચારી છ મહિનાનું બેઝિક ડીએ અથવા કર્મચારીનો હિસ્સો વ્યાસ સહિતનો ઉપાડી શકશે નહીં તેનો અર્થ એવો થાય છે કે તમારી પાસે પીએફ એકાઉન્ટમાં આ મૂળ રકમ કરતાં વધારે એક લાખ રૂપિયા જમા થયેલા હોય તો તે ઉપાડવાનો તમે દાવો કરી શકો છો જોકે કોઈ વ્યક્તિ આ મામલે લાભ લેવા ઈચ્છા હોય તેમને ફોર્મ ૩૧ ભરીને સબમિટ કરવાનું છે સાથે સર્ટિફિકેટ સી સબમિટ કરવાનું રહેશે જેમાં કર્મચારી અને ડોક્ટર બંનેની સહી હોવી જરૂરી રહેશે જો કે ફોર્મ ૩૧ ની વિવિધ જોગવાઈઓ અને કલમો હેઠળ ખાસ કેસમાં લૉન ભરવા માટે પણ પીએફ ના નાણાં ઉઠાવી શકશે.

### ફિલિપાઈન્સ બ્રહ્મોસથી સજ્જ હશે

# ભારત પાડોશી દેશોને સુપર સોનિક મિસાઈલો આપશે

**ફિલિપાઈન્સ સાથે એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા, બ્રહ્મોસ અને અન્ય સંરક્ષણ સહયોગ પર સરકાર-થી-સરકાર સોદા માટે માર્ગ ખોલ્યો**




(સંપૂર્ણ સમાચાર સેવા)


નવી દિલ્હી, તા.૧૯

ભારત ફિલિપાઈન્સને બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનો પ્રથમ સેટ સોંપવા જઈ રહ્યું છે. ભારત તેનો પ્રથમ મહત્વપૂર્ણ નિકાસ ઓર્ડર પૂર્ણ કરી રહ્યું છે. સંરક્ષણ અધિકારીઓએ કહ્યું છે કે ભારતીય વાયુસેનાનું C-૧૭ ગ્લોબમાસ્ટર ફિલિપાઈન્સ અને તેની ક્રૂઝ મિસાઈલો માટે ભારતીય એરપોર્ટ પરથી ઉડાન ભરશે. જાન્યુઆરી ૨૦૨૨માં હસ્તાક્ષર કરાયેલા $374.96 મિલિયનના સોદાના ભાગરૂપે ભારતે ફિલિપાઈન્સના એક ટાપુમાં સ્ટોરેજ-બિલ્ડિંગ સ્પેસ પૂર્ણ કરી છે.આ કરાર ભારતીય સંરક્ષણ ક્ષેત્ર માટે પ્રથમ મોટો આંતરરાષ્ટ્રીય નિકાસ ઓર્ડર હતો. આ ૨૯૦ કિમીની રેન્જ સાથે એન્ટી-શિપ ક્રૂઝ મિસાઈલના કિનારા-આધારિત પ્રકાર માટે છે.ભારત પાસે હવે લાંબા અંતરની મિસાઈલો છે. ફિલિપાઈન્સને જે મિસાઈલો આપવામાં આવી રહી છે તે મૂળ નાના વર્ઝનની છે. માર્ચ ૨૦૨૨ માં, ભારતે ફિલિપાઈન્સ સાથે એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા, બ્રહ્મોસ અને અન્ય સંરક્ષણ સહયોગ પર સરકાર-થી-સરકાર સોદા માટે માર્ગ ખોલ્યો.તેનું નામ બ્રહ્મપુત્રા અને મોસ્કવા નદીઓ પરથી રાખવામાં આવ્યું છે. બ્રહ્મોસ મિસાઈલો બ્રહ્મોસ એરોસ્પેસ દ્વારા બનાવવામાં આવી છે, જે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) અને રશિયાના માશિનોસ્ટ્રોયેનિયા દ્વારા સ્થાપિત સંયુક્ત સાહસ કંપની છે. બ્રહ્મોસના ઘણા પ્રકારો છે, જેમાં લેન્ડ-લોન્ચ વર્ઝન, યુદ્ધ જહાજ, સબમરીન અને સુખોઈ-૩૦ ફાઈટર જેટનો સમાવેશ થાય છે. બ્રહ્મોસ અને જમીન આધારિત પ્રણાલીઓ લોન્ચ કરાયેલા જહાજના પ્રારંભિક સંસ્કરણો ૨૦૦૫ અને ૨૦૦૭ થી ભારતીય નૌકાદળ અને ભારતીય સેના માટે સેવામાં છે.બ્રહ્મોસ જેવી ક્રૂઝ મિસાઈલ એક પ્રકારની સિસ્ટમ છે જેને 'સ્ટેન્ડઓફ રેન્જ વેપન' તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વની મોટાભાગની મોટી સેનાઓ પાસે આ શસ્ત્રો છે.

### પોસ્ટમાં લખ્યું- તારા વિના જીવનની કલ્પના નથી કરી શકતી

# 'તારક મહેતા' ફેમ જેનિફર મિસ્ત્રીની બહેનનું નિધન

**તારક મહેતા શોના નિર્માતા અસિત મોદી સાથે વિવાદ બાદ અભિનેત્રીએ શો છોડી દીધો**



(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૧૯

શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'થી લાઈમલાઈટમાં આવેલી જેનિફર મિસ્ત્રી બંસીવાલે ખરાબ સમાચાર આપ્યા છે. તેની નાની બહેન ડિમ્પલનું અવસાન થયું છે. તે લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓથી ઝઝૂમી રહી હતી. જેનિફરે જણાવ્યું કે તેની બહેને ૧૩ એપ્રિલે અંતિમ શ્વાસ લીધા હતા.જેનિફરે ઈમોશનલ પોસ્ટ લખીને પોતાની બહેનને યાદ કરી છે. તેણે લખ્યું- મારી વહાલી બહેન ડિમ્પલ, તારા વિના જીવનની કલ્પના પણ કરી શકાતી નથી. લવ યુ. તારી યાદ સતાવે છે. તમે અમને શીખવ્યું કે જીવનની દરેક ક્ષણને કેવી રીતે ખુશખુશાલ અને હસીને જીવવું, પછી ભલે તે પરિસ્થિતિ ગમે તે હોય. તમારા આત્માને શાંતિ મળે. આ મુશ્કેલ ક્ષણોમાં ફેન્સ અભિનેત્રીને સાથ આપી રહ્યા છે. જેનિફરને મજબૂત રહેવા માટે કહેવામાં આવ્યું છે.હાલમાં જ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતા જેનિફરે કહ્યું હતું કે તે પોતાના અંગત જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. તેણે તેની નાની બહેનની હેલ્થ અપડેટ આપી હતી. જણાવ્યું કે તે એકદમ ગંભીર છે. તેની હાલત ગંભીર છે. મુશ્કેલ સમયમાં તેની બહેનને ટેકો આપવા તે તેના વતન ગયો હતો. આ જ ઈન્ટરવ્યુમાં જેનિફરે તેના નાના ભાઈના મૃત્યુનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેણે જણાવ્યું કે છેલ્લા દોઢ વર્ષથી તેનું જીવન પરેશાનીઓમાંથી પસાર થઈ રહ્યું છે. તેના નાના ભાઈના અવસાન બાદ તે તેના માતા-પિતાના ઘરની ૭ છોકરીઓનું ધ્યાન રાખી રહી છે. આ દરમિયાન તારક મહેતા શોના નિર્માતા અસિત મોદી સાથે પણ તેનો કાનૂની કેસ ચાલી રહ્યો છે.વર્કફ્રન્ટ પર પણ જેનિફર બહુ કંઈ કરી શકતી નથી. તારક મહેતા શો છોડ્યા બાદ તેને કોઈ રોલ ઓફર કરવામાં આવ્યો નથી. તારક મહેતા શોના નિર્માતા અસિત મોદી સાથે વિવાદ બાદ અભિનેત્રીએ શો છોડી દીધો હતો. સિટકોમ શોમાં જેનિફરે મિસિસ સોઢીની ભૂમિકા ભજવી હતી. આ સિરિયલે તેને ઘર-ઘરમાં જાણીતી બનાવી. પરંતુ હવે તે કામ માટે સંઘર્ષ કરી રહી છે. હાલમાં જ અભિનેત્રીએ અસિત મોદી સામેનો યૌન ઉત્પીડનનો કેસ જીતી લીધો છે. પરંતુ હજુ સુધી અસિત મોદીએ તેમને ૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવ્યું નથી.

## અઢી વર્ષની બાળકીને જીવતી દાટી દેવાના ગુનામા દોષી મહિલાને ફાંસીની સજા

લુધિયાણા, તા.૧૯

લુધિયાણાના સાલેમ તાબરી વિસ્તારમાં ૨૮ નવેમ્બર ૨૦૨૧ના રોજ યુવતીની હત્યા કરવામાં આવી હતી. દોષિત ઠરેલી મહિલાનો છોકરીના માતા-પિતા સાથે થોડો વિવાદ થયો હતો. તેણે બાળકીનું અપહરણ કર્યું હતું અને વિસ્તારમાં ખાડો ખોદીને તેને જીવતી દાટી દીધી હતી. પંજાબના લુધિયાણાની સ્થાનિક કોર્ટે એક મહિલાને ફાંસીની સજા સંભળાવી છે. ૨૦૨૧માં એક મહિલાને તેના પાડોશીની અઢી વર્ષની બાળકીની હત્યા કરવા બદલ દોષી ઠેરવવામાં આવી છે. ૧૨ એપ્રિલે ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન જજ મુનીશ સિંઘલની કોર્ટે નીલમ (૩૦) નામની મહિલાને દિલરોઝ કૌર નામની છોકરીની હત્યા માટે દોષિત ઠેરવી હતી. સરકારી વકીલ બીડી ગુપ્તાએ કહ્યું કે કોર્ટે ગુરુવારે આ નિર્ણય આપ્યો.

લુધિયાણાના સાલેમ તાબરી વિસ્તારમાં ૨૮ નવેમ્બર ૨૦૨૧ના રોજ યુવતીની હત્યા કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ દોષિત મહિલાનો બાળકીના માતા-પિતા સાથે થોડો વિવાદ થયો હતો. તેણે યુવતીનું સ્કૂટર પર અપહરણ કર્યું હતું અને તે વિસ્તારમાં ખાડો ખોદીને તેને જીવતી દાટી દીધી હતી. આ અંગે સાલેમતાબારી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.મળતી માહિતી મુજબ શુક્રવારે આ કેસમાં કોર્ટે નીલમને દોષી જાહેર કરી હતી. આ પછી, કઈ કલમ હેઠળ શું સજા આપવી તે અંગે વિચારણા કરવામાં આવી રહી હતી.

# 12th ફેલ ફિલ્મ ચીનના વીસ હજાર થીયેટર સ્કિનમાં રિલીઝ થશે




**સૈફ અલી ખાનના દીકરાની પહેલી ફિલ્મ રિલીઝ થતાં પહેલા નવો પ્રોજેક્ટ મળ્યો**

મુંબઈ, તા.૧૯

ઓછા બજેટમાં બનેલી વિક્રાંત મેસ્સીની ફિલ્મ ૧૨વીં ફેલના દેશભરમાં વખાણ થઈ રહ્યા છે. વિક્રાંતની સાથે મેધા શંકરનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મને ચીનમાં રિલીઝ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. એક ઈવેન્ટ દરમિયાન વિક્રાંત મેસ્સીએ જણાવ્યું હતું કે, ચીનમાં હિન્દી ફિલ્મોની પુષ્કળ માગ રહેતી હોય છે. ચીનના ઓડિયન્સને હિન્દી ફિલ્મો ગમે છે. તેથી '૧૨વીં ફેલ'ને ચીનમાં ૨૦,૦૦૦ સ્કિનમાં રિલીઝ કરવામાં આવશે. વિક્રાંત મેસ્સીએ પોતાની ફિલ્મને મોટા પાયે ચીનમાં રિલીઝ કરવાના આયોજન સંદર્ભે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. અગાઉ આમિર ખાનની ફિલ્મો દંગલ, સીક્રેટ સુપરસ્ટાર અને પીકે ચીનમાં રિલીઝ થઈ હતી અને આ તમામ ફિલ્મો સારો બિઝનેસ કર્યો હતો. રિપોર્ટ્સ મુજબ, દંગલને ૧૯૬,૮૯ મિલિયન ડોલર, સીક્રેટ સુપર સ્ટારને ૧૧૮.૨૪ મિલિયન ડોલર અને પીકેને ૧૧૬.૬ મિલિયન ડોલરની આવક થઈ હતી. વિધુ વિનોદ ચોપરાએ બનાવેલી '૧૨વીં ફેલ'ને ઓડિયન્સ અને ક્રિટિક્સ તરફથી ભરપૂર વખાણ મળી રહ્યા છે. આ ફિલ્મની રિલીઝને ૨૫ અઠવાડિયા પૂરા થઈ રહ્યા છે ત્યારે તેને ચીનમાં મોટા પાયે રિલીઝ કરવાનું આયોજન છે. આમિર ખાનની ફિલ્મો જેવી મોટી સફળતા મેળવવામાં આ લો બજેટ ફિલ્મ સફળ રહે છે કે નહીં તેના પર સૌની નજર છે.

# ખંભાળિયાના સુતારીયા ગામે ચાલતી દેવી ભાગવત સપ્તાહમાં રસ તરબોળ થતા ભક્તો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૯

ખંભાળિયા તાલુકાના ભાણવડ માર્ગ પર આવેલા સુતારીયા ગામે સ્થિત પૂજ્ય કરસન ભગતની જગ્યા - રામેશ્વર ધામ ખાતે મંગળવાર તારીખ ૧૬ થી શ્રીમદ દેવી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો શુભારંભ થયો છે.

જાણીતા કથાકાર શ્રી કૌશિકભાઈ ભટ્ટ (રાણસીડી)ના વ્યાસાસને ચાલી રહેલી આ ભાગવત સપ્તાહમાં ગઈકાલે જગદંબા પ્રાગટ્ય તેમજ રાત્રે ૧૦ વાગ્યે જાણીતા કલાકારો સાથેના સંતવાણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત આગામી મંગળવાર તારીખ ૨૩ મી ના રોજ રાસલીલા મંડળીનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. દેવી ભાગવત સપ્તાહની મંગલ પૂર્ણાહુતિ બુધવાર તારીખ ૨૪ મી ના રોજ થશે.


આ સપ્તાહ દરમિયાન જુદા જુદા સ્થળોએથી જાણીતા સંતો મહંતો ખાસ ઉપસ્થિત રહેશે. દરરોજ સવારે ૯ થી ૧૨ તથા બપોરે ૩ થી સાંજે ૬ વાગ્યા સુધી કથા શ્રવણનો લાભ લેવા આયોજક પૂજ્ય મણીમાતા (ગુરૂ શ્રી મંગલનાથજી) તેમજ નગાભગત (ગુરૂ શ્રી મણી માતાજી) દ્વારા ધર્મપ્રેમી જનતાને અપીલ કરવામાં આવી છે.

# વિશ્વના ૬૦ ટકા ગેરવ્યવસ્થાપિત પ્લાસ્ટિક કચરા માટે જવાબદાર ૧૨ દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે

**સ્વિસ નોન-પ્રોફિટ ઈએ અર્થ એક્શન દ્વારા પ્લાસ્ટિક ઓવરશૂટ ડે રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ૨૦૨૧થી વૈશ્વિક પ્લાસ્ટિક કચરાના ઉત્પાદનમાં ૭.૧૧ ટકાનો વધારો થયો છે**

નવી દિલ્હી, તા.૧૯

એક નવા અહેવાલ મુજબ, ભારત ગ્રહના ૬૦ ટકા ગેરવ્યવસ્થાપિત પ્લાસ્ટિક કચરા માટે જવાબદાર એવા ૧૨ દેશો પૈકી એક છે. જો કે, ઝડપથી વિકસતા આ દક્ષિણ એશિયાઈ દેશનું માથાદીઠ પ્લાસ્ટિક કચરાનું ઉત્પાદન વિશ્વમાં સૌથી ઓછું છે. સ્વિસ નોન-પ્રોફિટ ઈએ અર્થ એક્શન દ્વારા પ્લાસ્ટિક ઓવરશૂટ ડે રિપોર્ટમાં એ પણ કહેવામાં આવ્યું છે કે, ૨૦૨૧થી વૈશ્વિક પ્લાસ્ટિક કચરાના ઉત્પાદનમાં ૭.૧૧ ટકાનો વધારો થયો છે. વિશ્વમાં આ વર્ષે ૨૨ કરોડ ટન પ્લાસ્ટિક કચરો ઉત્પન્ન થવાનો અંદાજ છે, જેમાંથી ૭ કરોડ ટન પ્લાસ્ટિક કચરો પેદા થશે. આ અહેવાલ યુનાઈટેડ નેશન્સ ઈન્ટર ગવર્નમેન્ટલ નેગોશિએટિંગ કમિટી (INC)ની ઓટ્ટાવા બેઠકમાં વિશ્વના નેતાઓ પ્લાસ્ટિક પ્રદૂષણને સમાપ્ત કરવા માટે કાયદેસર રીતે બંધનકર્તા સાધન વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. દુનિયાના ૬૦ ટકા પ્લાસ્ટિક કચરા માટે ૧૨ દેશો જવાબદાર છેઃ ચીન, ભારત, રશિયા, બ્રાઝિલ, મેક્સિકો, વિયેતનામ, ઈરાન, ઈન્ડોનેશિયા, ઈજિપ્ત, પાકિસ્તાન, યુનાઈટેડ સ્ટેટ્સ અને તુર્કી. જો કે, આ અહેવાલમાં ભારતને માથાદીઠ પ્લાસ્ટિક કચરાનું ઓછું ઉત્પાદન (માથાદીઠ ૮ કિલોગ્રામ પ્રતિ વર્ષ) હોવાને કારણે 'ઓછા કચરા-ઉત્પાદક' પ્રદૂષક તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે, ૨૦૨૪માં દેશનો અપેક્ષિત ગેરવ્યવસ્થાપિત કચરો ૭૪ લાખ ટન હશે. ભારતનો ગેરવ્યવસ્થાપિત પ્લાસ્ટિક કચરો ચીનના પાંચમા ભાગ અને અમેરિકાના એક તૃતીયાંશ કરતા ઓછો હશે. આ રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, ભારત પર્યાવરણમાં સરેરાશ ૩,૯૧,૮૭૯ ટન માઈક્રોપ્લાસ્ટિક અને ૩૧,૪૮૩ ટન રાસાયણને જળમાર્ગોમાં છોડે છે. બેલ્જિયમમાં રહેતા લોકો પ્લાસ્ટિકના કચરાના ટોચના ઉત્પાદક છે, જેમાં વ્યક્તિ દીઠ વાર્ષિક ૧૪૭.૭ કિલો કચરો ઉત્પન્ન થાય છે. આ ભારત કરતાં ૧૬ ગણું વધારે છે. ૨૦૨૪માં પ્રતિ વ્યક્તિ ૧૧૧ કિગ્રા ગેરવ્યવસ્થાપિત પ્લાસ્ટિક કચરા સાથે ઓમાન આ દેશોની યાદીમાં ટોચ ઉપર છે. આ નોર્વે કરતાં ૩૦ ગણું વધારે છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે



કે, એપ્રિલ ૨૦૨૪ સુધીમાં વિશ્વની લગભગ અડધી વસ્તી એવા વિસ્તારોમાં રહેતી હશે જયાં પ્લાસ્ટિક કચરો તેની વ્યવસ્થા કરવાની ક્ષમતા કરતાં વધી ગયો હશે. પાંચ સપ્ટેમ્બરે વિશ્વભરમાં ઉત્પાદિત પ્લાસ્ટિક કચરો પૃથ્વીની કચરો વ્યવસ્થાપન પ્રણાલીને વટાવી જશે અને તેને 'પ્લાસ્ટિક ઓવરશૂટ ડે' કહેવામાં આવશે. દરેક દેશનો પોતાનો 'પ્લાસ્ટિક ઓવરશૂટ ડે' હોય છે, જે પ્લાસ્ટિકના કચરાનું પ્રમાણ અને તેને સંચાલિત કરવાની દેશની ક્ષમતા દ્વારા નક્કી કરવામાં આવે છે. ભારત ૨૩ એપ્રિલે તેના પ્લાસ્ટિક ઓવરશૂટ ડે ઉપર પહોંચશે. રિસાયકિંલગ અને વેસ્ટ મેનેજમેન્ટ ક્ષમતામાં વધારો થવાથી પ્લાસ્ટિકની કટોકટી હલ થશે તેવી ધારણા ભૂલભરેલી છે. સ્ત્રોતનો ઘટાડો કર્યા વિના, પ્લાસ્ટિક પ્રદૂષણ સામેનો અમારો સંઘર્ષ અધૂરો છે.

## હવામાન વિભાગે વધુ વરસાદની આગાહી કરી

# પાકિસ્તાનમાં ભારે વરસાદને કારણે ચાર દિવસમાં ૬૩ લોકોના મોત

**અત્યાર સુધીમાં બલૂચિસ્તાનમાં સામાન્ય કરતાં ૨૫૬ ટકા વધુ વરસાદ થયો છે**

લાહોર, તા.૧૯

પાકિસ્તાનમાં વીજળી અને ભારે વરસાદને કારણે ચાર દિવસમાં ૬૩ લોકોના મોત થયા છે. ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર સૌથી વધુ મોત પાકિસ્તાનના ઉત્તર પશ્ચિમમાં સ્થિત ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયા છે. અહીં બિલ્ડિંગ ધરાશાયી થવાને કારણે ૩૨ લોકોના મોત થયા હતા, જેમાં ૧૫ બાળકો અને પાંચ મહિલાઓનો સમાવેશ થાય છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના પ્રવક્તા ખુશીદ અનવરના જણાવ્યા અનુસાર ઉત્તર-પશ્ચિમમાં ડઝનેક લોકો ઘાયલ થયા છે અને ૧૩૭૦ મકાનોને નુકસાન થયું છે. આંકડાઓ અનુસાર, પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં વીજળી પડવાની અને મકાન ધરાશાયી થવાની ઘટનાઓમાં ૨૧ લોકોના મોત થયા છે, જ્યારે બલૂચિસ્તાનમાં ૧૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. બલૂચિસ્તાનમાં બુધવારે બચાવ અને રાહત કામગીરી ચાલુ છે, જોકે વરસાદનો ખતરો હજુ પણ યથાવત્ છે.અચાનક આવેલા પૂર બાદ કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. પાકિસ્તાન હવામાન વિભાગના વરિષ્ઠ અધિકારી ઝહીર અહમદ બાબરે જણાવ્યું હતું કે હવામાન પરિવર્તનના કારણે પાકિસ્તાનમાં એપ્રિલ મહિનામાં ભારે વરસાદ થઈ રહ્યો છે. બાબરે કહ્યું કે, અત્યાર સુધી બલૂચિસ્તાનમાં સામાન્ય કરતાં ૨૫૬ ટકા વધુ વરસાદ થયો છે. સમગ્ર પાકિસ્તાનમાં આ મહિને સામાન્ય કરતાં ૬૧ ટકા વધુ વરસાદ થયો છે અને આ દર્શાવે છે કે આપણા દેશમાં ક્લાઈમેટ ચેન્જ થઈ ચૂક્યો છે. તેમણે જણાવ્યું કે ૨૦૨૨માં ભારે વરસાદને કારણે નદીઓ છલકાઈ ગઈ હતી અને એક સમયે પાકિસ્તાનનો એક તૃતીયાંશ ભાગ પૂરથી ઢંકાઈ ગયો હતો. જેમાં ૧,૭૩૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા. પૂરને કારણે ૩૦ બિલિયન યુએસ ડૉલરનું નુકસાન પણ થયું હતું, જેમાંથી પાકિસ્તાન હજુ પણ બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યું છે.પડોશી અફઘાનિસ્તાનમાં પણ આ મહિને ભારે વરસાદ થયો છે. વરસાદ સંબંધિત ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૩૩ લોકોના મોત થયા છે.

# જો રિવાજ આજ્ઞા આપે તો પતિ તેના સાસુ-સસરા પાસેથી બાળકોના ઉછેર માટે પૈસા માંગે તો તેને દહેજ ના કહેવાય : પટના હાઈકોર્ટ




નવી દિલ્હી, તા.૧૯

જો કોઈ રિવાજ એવો છે જેમાં નવજાત બાળકની સંભાળ પત્નીના માતા-પિતા રાખે તેવી અનુમતિ આપે છે, તો તે કાયદા હેઠળ દહેજની માંગણી ન ગણી શકાય. અગર પતિ આ પ્રથાને પૂર્ણ કરવાની માગણી કરે તો તે ક્રૂરતા નથી. નવજાત દિકરીના ભરણપોષણ માટે આર્થિક સહાય માટે પતિએ તેના સાસરિયાઓને પૂછવા બદલ જિલ્લાની અદાલતે પતિને ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. પટના હાઈકોર્ટે ગયા અઠવાડિયે આ દહેજ ઉત્પીડનનો કેસ બાજુ ઉપર રાખ્યો હતો. કોર્ટે અવલોકન કરતા જણાવ્યું હતું કે, બાળકીના ભરણપોષણ માટે માંગવામાં આવેલ નાણાં, લગ્નને ધ્યાનમાં રાખીને માંગવામાં ન આવ્યા હોવાથી, કાયદા મુજબ તેને દહેજની માગણી ન ગણી શકાય. દંપતી જે સમુદાયમાંથી આવે છે સમાજમાં તેમની પરંપરાગત પ્રથા અનુસાર પત્નીના માતા-પિતા નવજાત શિશુની સંભાળ રાખવા માટે જરૂરી છે. કોર્ટ સમક્ષના કેસમાં પત્નીએ આરોપ તેના પતિ ઉપર મૂક્યો હતો કે, ૨૦૦૧માં તેમની બાળકીના જન્મના ત્રણ વર્ષ પછી તેના પતિ નરેશ પંડિતે તેમની બાળકીના ઉછેર અને સંભાળ માટે તેના માતા-પિતા પાસેથી ૧૦,૦૦૦ રૂપિયાની માગણી કરી હતી અને માંગને પૂરી ન કરવા ઉપર તેણીને ત્રાસ આપવામાં આવ્યો હતો. ફરિયાદીએ તેના પતિ સામે દહેજની માંગણીનો અને તે સંબંધમાં તેણી ઉપર ત્રાસ આપવાનો કેસ દાખલ કર્યો હતો. ત્યારબાદ જિલ્લા અદાલતે આ આરોપમાં પતિને દોષી ઠેરવીને તેને ત્રણ વર્ષની જેલની સજા અને દંડ ફટકાર્યો હતો. પટના હાઈકોર્ટના ન્યાયાધીશ વિવેક ચૌધરીએ કહ્યું કે, દંપતીના સમુદાયના સ્થાપિત રિવાજ મુજબ, પત્નીના પિયરમાં જન્મેલા બાળકના ઉછેર માટેનો આ એક રિવાજ છે. બાળકીના ઉછેર માટે કરવામાં આવેલી નરેશની માંગને દહેજની રકમ ન કહી શકાય. આ માગણી લગ્ન માટે નહીં પણ બાળ ઉછેર સાથે સંબંધિત હતી. કોર્ટના અવલોકન મુજબ, 'ગામડાઓમાં ખાસ કરીને હિન્દુઓમાં એવી એક વિધિ છે કે, પુત્રીની ગર્ભાવસ્થા દરમ્યાન તેને તેના પિયરમાં રાખવામાં આવે છે. આ સમયગાળા દરમ્યાન સમગ્ર ખર્ચ પરિણીત પુત્રીનું પિયર કરે છે. તેથી નવા જન્મેલા બાળકના ઉછેર અને સંભાળ માટે, જો પતિ-પત્નીના પૈતૃક ઘરેથી પૈસાની માંગ કરે છે તો આવી માંગને દહેજ ગણાય નહીં.' જસ્ટિસ ચૌધરીએ કહ્યું હતું કે, 'કોર્ટને આ વિધિ સાથે કોઈ લેવા-દેવા નથી કારણ નૈતિક મૂલ્યાંકન, કોર્ટની ફરજમાં આવતું નથી. ફરિયાદ એ આધાર ઉપર છે કે, અરજદારે પત્નીને બાળકના ઉછેરના બદલામાં તેના માતા-પિતા પાસેથી રકમની વ્યવસ્થા કરવા કહ્યું હતું.' દહેજ નિષેધ અધિનિયમ, ૧૯૬૧ની કલમ 2(i) મુજબ, 'કોઈપણ મિલકત અથવા મૂલ્યવાન સુરક્ષા, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપવા માટે સંમત છે.' તેને દહેજ તરીકે વ્યાખ્યાયિત કરે છે. દહેજ તરીકે ગણવા માટે પત્ની અથવા તેના માતા-પિતા દ્વારા મિલકત આપવામાં આવી શકે છે. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, ક્રૂરતાની વ્યાખ્યામાં દહેજનો સીધો સમાવેશ થતો નથી, તેમ છતાં અદાલતોએ દહેજને ફોજદારી કાયદા હેઠળ ક્રૂરતા આવતી હોવાનું અર્થઘટન કર્યું છે. જેનો અર્થ એ છે કે, જો કોઈને દહેજ માટે જવાબદાર ગણવામાં આવે છે, તો તે ક્રૂરતા માટે પણ આપોઆપ જવાબદાર થઈ જાય છે. આ કેસમાં લગ્ન માટે નહી પરંતુ માત્ર બાળકના ઉછેર માટે નાણાં માંગવામાં આવ્યા છે તેથી તે દહેજનો કેસ બનતો નથી, કોર્ટે ઉમેર્યું હતું. અરજદારે કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે, આરોપો અત્યંત સામાન્ય અને સર્વગ્રાહી પ્રકૃતિના હતા અને વિવાહિત યુગલ વચ્ચેના તમામ વ્યવહારોને ક્રૂરતા ગણી શકાય નહીં. આ કાર્યવાહી ફક્ત એટલા માટે શરૂ કરવામાં આવી હતી કારણ કે, તેણે પત્ની વિરૂધ્ધ ઘરગથ્થું વસ્તુઓની ચોરીનો આરોપ લગાવી ફરિયાદ દાખલ કરી હતી.

# ટીએમસીએ લોકસભા ચૂંટણી માટે  ઢંઢેરો જાહેર કર્યો

કોલકાતા, તા.૧૯

પશ્ચિમ બંગાળની શાસક અને વિપક્ષ ભારત ગઠબંધનના સાથી પક્ષ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)એ આજે લોકસભા ચૂંટણી માટે પોતાનો ઢંઢેરો જાહેર કર્યો છે. મમતા બેનર્જીના નેતૃત્વવાળી પાર્ટીએ નાગરિકતા સંશોધન કાયદો (સીએએ) રદ કરવાનું અને દેશમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી) લાગુ ન કરવાનું વચન આપ્યું છે. ટીએમસીના સાંસદ ડેરેક ઓ બ્રાયને પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરતાં એવું કહ્યું કે જ્યારે ટીએમસી ભારત ગઠબંધનના ભાગ રૂપે કેન્દ્રમાં સરકાર બનાવશે ત્યારે અમે આ બધું કરીશું." સીએએ અને યુસીસી ઉપરાંત, ટીએમસીના ઢંઢેરામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) હેઠળ દૈનિક ભથ્થું વધારીને ૪૦૦ રૂપિયા પ્રતિ દિન કરવાનું વચન પણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત પાર્ટીએ તમામને પાકા મકાનો આપવાનું વચન પણ આપ્યું છે. આ ઉપરાંત પાર્ટીએ ગરીબી રેખા (બીપીએલ) હેઠળ જીવતા પરિવારોના ઘરઆંગણે રાશન પહોંચાડવાનું અને ૧૦ એલપીજી સિલિન્ડર વિના મૂલ્યે આપવાનું વચન આપ્યું છે. આ ઢંઢેરામાં ખેડૂતોને લઘુત્તામ ટેકાના ભાવ, એસસી, એસટી અને ઓબીસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને તમામ યુવાનોને રોજગારની ગેરંટી આપવાનું વચન આપવામાં આવ્યું છે. ઘોષણાપત્રમાં કહેવામાં આવ્યું છે કે દેશના તમામ ગરીબ પરિવારોને મફત આવાસ આપવામાં આવશે. તમામ રેશનકાર્ડ ધારકોને દર મહિને પાંચ કિલો અનાજ વિના મૂલ્યે આપવાનું વચન આપવામાં આવ્યું છે. યુવાનોને આકર્ષવા માટે, ઢંઢેરામાં ૨૫ વર્ષ સુધીના તમામ સ્નાતકો અને ડિપ્લોમા ધારકોને માસિક સ્ટાઈપેન્ડ સાથે એક વર્ષની એપ્રેન્ટિસશીપનું વચન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને ૧૦ લાખ રૂપિયા સુધીના વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ આપવાનું વચન આપવામાં આવ્યું છે.


# ભારત સતત તેની સેનાને આધુનિક અને મજબૂત બનાવી રહ્યું છેઃ US

વોશિંગ્ટન, તા.૧૯

યુએસ ડિફેન્સ મિનિસ્ટ્રીના ટોપ ઈન્ટેલિજન્સ ઓફિસરે અમેરિકન સંસદમાં જણાવ્યું છે કે ભારતીય સેના સતત પોતાની તાકાત વધારી રહી છે. ચીનને પાછળ રાખવા અને રશિયન સાધનો પરની નિર્ભરતા ઘટાડવા માટે ભારત સતત પોતાની સેનાને આધુનિક બનાવી રહ્યું છે. અમેરિકામાં ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સીના ડાયરેક્ટર લેફ્ટનન્ટ જનરલ જેફરી ક્રુસે ચીનનો સામનો કરવા સંસદમાં ચાલી રહેલી બેઠક દરમ્યાન આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ગૃહની સશસ્ત્ર સેવા સમિતિ અને ઈન્ટેલિજન્સ સબકમિટીના સભ્યોને જણાવ્યું હતું કે ભારતે ગયા વર્ષે જી-૨૦ આર્થિક સમિટની યજમાની કરીને વૈશ્વિક નેતા તરીકે પોતાને દર્શાવ્યું હતું અને સાથે જ પીપલ્સ રિપબ્લિક ઑફ ચાઈનાની ગતિવિધિઓને નાથવા માટે પોતાને સક્ષમ સાબિત કર્યું છે. તેમણે કહ્યું છે કે ભારતે પ્રશિક્ષણ અને સંરક્ષણ વેચાણ દ્વારા ફિલિપાઈન્સ જેવા પ્રાદેશિક દક્ષિણ ચીન સાગરના દાવેદારો સાથે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં અદ્યતન ભાગીદારી કરી છે. અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ અને જાપાન સાથે તેના સહયોગને વધુ મજબૂત બનાવ્યો છે. ક્રુસે વધુમાં કહ્યું હતું કે ૨૦૨૩ માં, ભારતે ચીન સાથે સ્પર્ધા કરવા અને રશિયન ઉપકરણો પર તેની નિર્ભરતા ઘટાડવા માટે તેના સૈન્યને અત્યાધુનિક બનાવવા માટે ઘણા પગલાં લીધાં છે. ભારતે સ્વદેશી એરક્રાફ્ટ કેરિયરનું દરિયાઈ પરીક્ષણ કર્યું હતું અને મુખ્ય સંરક્ષણ તકનીકોના સ્થાનાંતરણ પર કેટલાક પશ્ચિમી દેશો સાથે પણ વાતચીત કરી છે.

# તમારા મગજને સ્વસ્થ રાખવા માટે તમારે શું કરવું જોઈએ ? ન્યુરોલોજિસ્ટનો અભિપ્રાય

**વિવિધ અભ્યાસો દર્શાવે છે કે તમારા મગજના સ્વાસ્થ્યને જાળવી રાખીને તમે જ્ઞાનાત્મક, યાદશક્તિની સમસ્યાઓ, ટાઈપ-૨ ડાયાબિટીસ અને હૃદયરોગ જેવા ઘણા રોગો અને પરિસ્થિતિઓને અટકાવી શકો છો. જો કે ઉંમર, આનુવંશિકતા અને કૌટુંબિક ઈતિહાસ બદલી શકાતો નથી**



(એજન્સી) તા.૧૯

માનવીમાં કોઈપણ ઉંમરે મેમરી લેપ્સ થઈ જાય છે અને માત્ર વૃદ્ધત્વ એ સામાન્ય રીતે જ્ઞાનાત્મક ઘટાડાનું કારણ નથી. તમારા મગજના સ્વાસ્થ્યને શારીરિક અને માનસિક રીતે જાળવવું તમારા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. નિષ્ણાતો કહે છે કે યાદશક્તિની સમસ્યાઓ ખૂબ જ ચિંતાજનક છે અને તેથી જ તેમની સંભાવનાઓને ઘટાડવા માટે તમારે શક્ય એ બધું જ કરવું જોઈએ. કોઈપણ માનવીમાં કોઈપણ ઉંમરે મેમરી લેપ્સ થઈ જાય છે અને માત્ર વૃદ્ધત્વ એ સામાન્ય રીતે જ્ઞાનાત્મક ઘટાડાનું કારણ નથી. જ્યારે યાદશક્તિમાં નોંધપાત્ર ઘટાડો થાય છે ત્યારે તે સામાન્ય રીતે કાર્બનિક વિકૃતિઓ, મગજની ઈજા અથવા ન્યુરોલોજીકલ બીમારીને કારણે થાય છે. રૂબી હોલ ક્લિનિકના કન્સલ્ટન્ટ ન્યુરોસર્જન ડો. આનંદ કાટકરના જણાવ્યા અનુસાર, શ્રેષ્ઠ રીતે મગજની તંદુરસ્તી જાળવવા માટે, એક સૌથી અગત્યની બાબત એ છે કે માનસિક વૃદ્ધિ અને વિકાસને ઉત્તેજન આપતી પ્રવૃત્તિઓમાં જોડાવું જોઈએ. જ્યારે પરંપરાગત અર્થમાં કાર્યો કરવાની જરૂર નથી, ત્યારે દરરોજ વિશાળ માત્રામાં માહિતીનું પૃથ્થકરણ કરીને અને પ્રક્રિયા કરીને સતત શિક્ષણને ઓપરેશનમાં એકીકૃત કરવું જોઈએ. આ અલ્ગોરિધમ્સને અદ્યતન રાખે છે અને વિવિધ પ્રશ્નોને સમજવામાં અને જવાબ આપવા માટેની કાર્યક્ષમતામાં વધારો કરે છે. ડો.કાટકર કહે છે કે તમારા મગજને નિયમિત પ્રવૃત્તિમાં જોડવાથી આ અંગને જ્ઞાનાત્મક સ્વાસ્થ્ય માટે લાંબાગાળાના લાભો મેળવવા માટે ઉત્તેજિત કરી શકાય છે.

**તેવું કરવા માટેની કેટલીક સરળ રીતો આ છે :**

**રોજ વાંચન કરો :-** વાંચન માત્ર નવું જ્ઞાન જ નથી આપતું પણ સમજણ કૌશલ્ય, શબ્દભંડોળ અને યાદશક્તિમાં પણ વધારો કરે છે. દિવસમાં માત્ર ૨૦ મિનિટ વાંચવાથી પણ નોંધપાત્ર ફરક પડી શકે છે.

**કોયડાઓ ઉકેલો :-** ક્રોસવર્ડ કોયડાઓ, સુડોકુ અથવા તો જટિલ જીગ્સો કોયડાઓ જેવી પ્રવૃત્તિઓ મગજના કાર્યને ઉત્તેજીત કરી શકે છે અને સમસ્યા હલ કરવાની કુશળતા સુધારી શકે છે.

**કંઈક નવું શીખો :-** ભલે તે નવી ભાષા હોય, સંગીતનાં સાધન હોય કે ડિજિટલ કૌશલ્ય હોય, શીખવાથી મગજના તે ભાગો સક્રિય થાય છે જે મેમરી અને વિચારવાના કૌશલ્ય માટે જવાબદાર છે.

**શારીરિક કસરત :-** નિયમિત શારીરિક પ્રવૃત્તિ મગજમાં લોહીનો પ્રવાહ વધારે છે અને મગજના કોષોના વિકાસને પ્રોત્સાહન આપે છે. તે તમારા મગજ માટે એટલું જ સારું છે જેટલું તે તમારા શરીર માટે છે.

**ધ્યાન ધરવું કે યોગા કરવા :-** ધ્યાન તણાવ ઘટાડી શકે છે, કારણ કે તણાવ મગજના સ્વાસ્થ્યને નકારાત્મક અસર કરે છે. ધ્યાન એ એકાગ્રતા, યાદશક્તિ અને માહિતી ઉપર પ્રક્રિયા કરવાની મગજની ક્ષમતામાં પણ સુધારો કરે છે.

**સામાજિક બનો :-** અર્થપૂર્ણ વાર્તાલાપ અને સામાજિક પ્રવૃત્તિઓમાં સામેલ થવાથી મગજના બહુવિધ ક્ષેત્રોને ઉત્તેજિત કરે છે, બહેતર માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે અને જ્ઞાનાત્મક ઘટાડાનું જોખમ ઘટાડે છે.

**મગજનું સ્વાસ્થ્ય શા માટે મહત્ત્વનું છે ?**

તમારૂં મગજ એક જટિલ અંગ છે અને તેમાં ઓછામાં ઓછા ત્રણ સ્તરના કાર્યો છે જે આપણા રોજિંદા જીવનના તમામ પાસાઓને અસર કરે છે.

- ઈન્દ્રિયોનું અર્થઘટન અને હલનચલનનું નિયંત્રણ
- જ્ઞાનાત્મક, માનસિક અને ભાવનાત્મક પ્રક્રિયાઓની જાળવણી
- સામાન્ય વર્તન અને સામાજિક સમજશક્તિની જાળવણી

જો કે, આધુનિક જીવનશૈલીના દબાણને લીધે, ઘણા લોકો માટે, મગજની તંદુરસ્તી પ્રાપ્ત કરવી એ એક અશક્ય ધ્યેય જેવું લાગે છે અને આ સંઘર્ષ અસામાન્ય નથી; અભ્યાસો અનુસાર, ૫૦ ટકાથી વધુ લોકો તેમના જીવનકાળમાં મગજની સ્વાસ્થ્યની સ્થિતિનો અનુભવ કરે છે. આ સ્થિતિઓ હળવા, સંક્ષિપ્ત મૂડ વિક્ષેપથી લઈને ગંભીર, દીર્ઘકાલીન સ્વાસ્થ્ય સ્થિતિઓ સુધીની હોઈ શકે છે જે મગજને કમજોર કરી શકે છે, ખાસ કરીને જ્યારે નિદાન ન થાય અથવા સારવાર ન કરવામાં આવે તો પરિસ્થિતિ ખરાબ થઈ શકે છે.

**વૈશ્વિક સ્તરે મગજની સૌથી વધુ પ્રચલિત સ્વાસ્થ્ય પરિસ્થિતિઓમાં નીચેનાનો સમાવેશ થાય છે :-**

- ટેન્શન અને તેના પ્રકારનો માથાનો દુખાવો
- માઈગ્રેન
- ચિંતા અને વિકૃતિઓ
- ડિપ્રેસિવ ડિસઓર્ડર

**તમારા મગજને સ્વસ્થ રાખવાની અન્ય રીતો :-** મગજ સંબંધિત સમસ્યાઓથી છુટકારો મેળવવામાં તમને મદદ કરી શકે તેવી કેટલીક અન્ય રીતોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

**ધૂમ્રપાન છોડવું જોઈએ :-** સમગ્ર વિશ્વમાં લોકો હૃદય રોગ, કેન્સર અને ફેફસાના રોગ જેવા રોગો અને સ્થિતિઓથી પીડાય છે તેના મુખ્ય કારણોમાંનું એક ધૂમ્રપાન છે.

**બ્લડ પ્રેશરનું સ્તર જાળવી રાખવું :-** હાઈ બ્લડ પ્રેશર ઘણી શારીરિક અને માનસિક સમસ્યાઓ તરફ દોરી શકે છે.

**સ્વસ્થ વજન જાળવી રાખવું :-** સ્વસ્થ વજન માત્ર ટૂંકાગાળાના આહારમાં ફેરફાર વિશે જ નથી, તમારે તંદુરસ્ત અને તાજા, મોસમી ખોરાક ખાવાની પણ જરૂર છે.

**સારી ઊંઘ લેવી જોઈએ :-** ભલામણ કરવામાં આવી હોય તેના કરતાં ઓછી અને વિક્ષેપિત ઊંઘ લેવાથી વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે અને તમારા મગજને નુકસાન થઈ શકે છે.

# ગીર સોમનાથના સીડોકર ગામના ૧૦૫ વર્ષના શતાયુ મતદારે મતદાન કરવાની ઈચ્છા વ્યકત કરી



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૯

ગીર સોમનાથ જીલ્લામાં આગામી લોકસભાની ચુંટણીમાં ૧૦૦ વર્ષ કે તેથી ઉપરના ૨૭૦ મતદારો લોકશાહીને મજબુત અને જીવંત રાખવા મતદાન કરશે. ગત લોકસભામાં ૧૯૬ શતાયુ મતદારોએ વર્ષ ૨૦૧૯ ચુંટણીમાં મતદાન હકક મેળવ્યો હતો. સોમનાથના સીડોકર ગામના મતદાર લાખા જીવા ચોપડા (ઉ.વ.૧૦૫)ની વાત તો ન્યારી જ છે તેમ તેના પુત્ર લાખા ચોપડા કહે છે . સીડોકરના મતદાર અને હાલ સુપાસી પાસે વાડીએ આવલ પાલડી વિસ્તારમાં વસતા તેઓના દાંત બધાય સલામત છે, બે ટાઈમ કોઈપણ જાતનું ભોજન હોય તો ખાઈ શકે છે, મોતીયો ઉતરાવેલ નથી, સારી રીતે સાંભળી પણ શકે છે. આમ છતાં અવસ્થાની અસર તો દેખાય જ છે. લાખા બાપા કહે છે 'મતદાન કરજો, જો શરીર સાથ આપશે અને કોઈ સરકારી પ્રબંધ થશે તો તેઓ પણ મતદાન કરવા ઉત્સુક છે. કુટુંબની ત્રણથી ચાર પેઢીના તેઓ જીવંત સાક્ષી છે અને ભારતમાં જયારથી જે જે ચુંટણીઓ આવી છે તેમાં તેમણે મતદાન પણ કર્યુ છે.

નવાબી શાસન, ભારતની આઝાદી, વાવાઝોડા એ બધાય તેમની યાદમાં રહેલા છે. જો કે અવસ્થાને હિસાબે વિસ્તૃત વર્ણન કરી શકતા નથી. વાડીમાં ખાટલા ઉપર નાળીયેરી અને ઝાડના પવન લહેરખી વચ્ચે બાજુમાં વહેતા ખેતરના ઠંડા પાણીના ધોરીયાની બાજુમાં તેઓ આખો દિવસ પસાર કરે છે.

# જૂનાગઢ જીલ્લામાં ૬૭૫ મતદાન મથકોનું થશે લાઈવ વેબકાસ્ટિંગ

## મતદાન પ્રક્રિયાના નિરીક્ષણ અને દેખરેખ માટે કંટ્રોલરૂમ કાર્યરત કરશે : ૧૪ કર્મચારીઓ કરશે મોનિટરિંગ

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ જિલ્લા લોકસભા સામાન્ય અને વિધાનસભા પેટા ચૂંટણીની મતદાન પ્રક્રિયા મુકત, ન્યાયી અને પારદર્શિતા રીતે તેમજ આદર્શ આચારસંહિતાના ચુસ્ત અમલ સાથે સંપન્ન થાય તે માટે જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી સમગ્ર કામગીરી કરવામાં આવી રહી છે.

ગુજરાત રાજયની સાથે જૂનાગઢ જિલ્લામાં પણ તા.૭ મે ના રોજ મતદાન થનાર છે. જૂનાગઢ જિલ્લામાં કુલ ૧૩૩૫ મતદાન મથકો પર મતદાન થનાર છે. ત્યારે ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ કુલ મતદાન મથકોના ઓછામા ઓછા ૫૦ ટકા મતદાન મથકો ઉપર લાઈવ વેબકાસ્ટિંગ એટલે કે મતદાન મથક પર વેબકાસ્ટિંગ કેમેરા દ્વારા વોચ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે મુજબ જૂનાગઢ જિલ્લામાં ૬૭૫ મતદાન મથકો પર લાઈવ વેબ કાસ્ટિંગ કરાશે. જૂનાગઢ જિલ્લાના ૬૭૫ મતદાન મથકો પર કેમેરા ગોઠવવામાં આવશે. જેમાં મતદાન અધિકારી દ્વારા મતદારની ઓળખ કરવાની કાર્યવાહી, મતદારની આંગળી ઉપર અવીલોપ્ય શાહી લગાવવી, મતદારની ઓળખ થઈ ગયા બાદ પ્રીસાઈડીંગ ઓફિસર દ્વારા કંટ્રોલ યુનિટ શરૂ કરવું. ઈ.વી.એમ.ના બેલેટ યુનિટમાં મત આપવા જતા મતદારની મતકુટીરની મુલાકાત. પરંતુ બેલેટ યુનિટનો કોઈપણ ભાગ કેમેરામાં દેખાવો જોઈએ નહીં. જેથી મતદાનની ગુપ્તતા જળવાઈ રહે. ઉપરાંત મતદાન બંધ કરતી વખતે ઈ.વી.એમ. અને વીવીપેટ સીલ કરવાની કાર્યવાહી તથા મતદાન એજન્ટોને ફોર્મ ૧૭-ક પુરા પાડવાની કાર્યવાહીનું રેકોર્ડીંગ કરાશે.

આ વેબ કાસ્ટિંગની કામગીરી પર નિરીક્ષણ અને નિયંત્રણ માટે જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી ખાતે કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવશે. જેમાં એક વિધાનસભા મત વિસ્તારદીઠ બે કર્મચારીઓને દેખરેખ રાખવા માટે ફરજ સોંપવામાં આવશે. ઉપરાંત સુપર વિઝનની કામગીરી જિલ્લાના વેબકાસ્ટિંગ માટેના નોડલ ઓફિસરની પણ નિમણૂક કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લોકશાહીના આ મહાપર્વની ઉજવણીમાં તમામ મતદારો નિર્ભિકપણે અને ઉત્સાહપૂર્વક ભાગ લઈ મહત્તમ મતદાન કરવા પ્રેરાય તે માટે જૂનાગઢ જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

-ખાસ લેખ
ક્રિષ્ના સીસોદિયા

# જૂનાગઢમાં કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા શ્રીરામ ભગવાનની શોભાયાત્રાનું સ્વાગત કરાયું



જૂનાગઢ તા. ૧૯

શ્રીરામ ભગવાનના જન્મ દિવસ નિમિત્તે જૂનાગઢમાં ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રાનું સ્વાગત ગુલાબના ફુલોથી કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિના હિન્દુ-મુસ્લીમ બિરાદરો દ્વારા સર્કલ ચોક ખાતે કરાયું હતું. આ તકે બટુકભાઈ મકવાણા, અશ્વીનભાઈ મણીયાર, એડવોકેટ જીશાન હાલેપોત્રા, સોહેલ સિદીકી, સમજુભાઈ સોલંકી, રમેશભાઈ વાજા, પુરોહિતભાઈ, પરેશભાઈ વાઘેલા, કે.ડી. સગારકા, વહાબભાઈ કુરેશી, અરજણભાઈ દેત્રોજા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

# ભગવાન શ્રી રામચંદ્રજી મહારાજના જન્મોત્સવ પર્વમાં નિકળેલી શોભાયાત્રામાં જોડાયેલું જૂનાગઢનું ગિરનારી ગ્રૂપ



જૂનાગઢ, તા.૧૯

ગિરનારી ગ્રુપના સમીરભાઈ દતાણી તથા સંજયભાઈ બુહેચાની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, ભગવાન શ્રી રામચંદ્રીજી મહારાજના જન્મ મહોત્સવને શહેરના જુદા જુદા વિસ્તારમાં વિવિધ રીતે ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં ભક્તો દ્વારા ભગવાન શ્રી રામચંદ્રજીના મંદિરોમાં જઈને રામધૂન, મહા આરતી, મહાપ્રસાદ, અન્નકોટ સહિત વિવિધ સાસ્કૃતિ કાર્યક્રમોનું ભવ્યથી અતિ ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. શહેરના જુદા જુદા વિસ્તારો જેવા કે જોષીપરા, ઝાંઝરડા રોડ તથા ઉપરકોટ રામ મંદિરેથી શોભાયાત્રાઓ વાજતે ગાજતે કાઢવામાં આવેલ હતી. જેમાં શહેરના જુદા જુદા વિસ્તારના મંડળો દ્વારા ભગવાન શ્રી રામચંદ્રજી મહારાજના વિવિધ પ્રકારના અદભુત ફલોટોસોની કૃતિઓ ભક્ત ગણો માટે શોભાયાત્રામાં દર્શનાર્થે રજુ કરવામાં આવેલ હતી. હરિઓમ ગ્રુપના સંકલનમાં રહીને ગિરનારી ગ્રુપ દ્વારા ભગવાન શ્રી રામચંદ્રજીને ૧૨૧ વસ્તુઓનો અન્નકોટ (ભોગ) ધરાવવામાં આવેલ એવો ફલોટ રજૂ કરવામાં આવેલો હતો. અને ઠંડા પાણી તથા શરબતની સાથે પંજરી રૂપી પ્રસાદી આપવામાં આવેલ હતી.

આ શોભાયાત્રામાં ગિરનારી ગ્રુપના સભ્યો સમીરભાઈ દવે, દેવાંગભાઈ પંડ્યા, દિનેશભાઈ રામાણી, લલીતભાઈ ગેરીયા, સમીરભાઈ ઉનડકટ, નરેન્દ્રસિંહ ચુડાસમા, સંજયભાઈ મહેતા, રાહુલભાઈ ભટ્ટ, સુધીરભાઈ રાજા, હરેશભાઈ કારીયા, વિપુલભાઈ બુદ્ધદેવ, કિશોરભાઈ પટોળિયા, સુનિલભાઈ સરખામણી, સંજયભાઈ સોલંકી, કાનાભાઈ દત્તાણી, બીપીનભાઈ ઠકરાર, વિજયભાઈ જોરા, મનીષભાઈ રાજા, તન્નાભાઈ, સંજયભાઈ વાઢેર, વેદ બારીયા, શુભ વાઢીયા, ડો.ધર્મેશ ચૌહાણ સહિતના લોકોએ પોતાની સેવા આપીને શોભાયાત્રામાં જોડાયેલા હતા. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# ૮૬- જૂનાગઢ વિધાનસભા મતવિસ્તારમાં પ્લાસ્ટિકની નહી, ઈકો ફ્રેન્ડલી કાપડની કેરી બેગ વપરાશે




જૂનાગઢ, તા.૧૯

લોકસભા સામાન્ય ચૂંટણી એટલે કે, લોકશાહીનું મહાપર્વમાં પ્લાસ્ટિક મુક્ત ગિરનારની નેમને સાર્થક કરવા એક વિશિષ્ટ પહેલ કરવામાં આવી રહી છે. સાથે જ તા.૭ મી મેએ મતદાન અવશ્ય કરીએ. તેવો એક આગવી ઢબે સંદેશ આપવામાં આવી રહ્યો છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ પ્લાસ્ટિક મુક્ત ગિરનાર અને મહત્તમ મતદાન થાય તે માટે નવીન પહેલ કરી છે. ૮૬- જૂનાગઢ વિધાનસભા મત વિસ્તારમાં લોકસભા સામાન્ય ચૂંટણીમાં જુદા જુદા કામાર્થે વપરાતી પ્લાસ્ટિક બેગની જગ્યાએ કાપડની થેલી ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે. ખાસ કરીને ગિરનાર નજીકના ઈકોસેન્સેટીવ ઝોન સહિતના મતદાન મથકમાં સ્ટેશનરી કે અન્ય વસ્તુઓના હેરફેર માટે ઈકો ફ્રેન્ડલી કાપડની થેલીનો વપરાશ કરવામાં આવશે. ઈકો સેન્સેટીવ ઝોનમાં પ્લાસ્ટિક ઉપર સદંતર પ્રતિબંધ હોવાથી આ વિસ્તારના મતદાન મથકમાં પ્લાસ્ટિકના ઉપયોગ વગર ચૂંટણી યોજવામાં આવશે અને કાપડની થેલીનો ઉપયોગ કરવામાં આવશે.

આ કાપડની બેગ પર એક તરફ 'પ્લાસ્ટિક મુક્ત ગિરનાર' અને થેલીની બીજી બાજુ 'મતદાન અવશ્ય કરીએ' નો સંદેશ આપવામાં આવ્યો છે. આમ લોકશાહીના મહાપર્વમાં અચૂક મતદાનના સંદેશ સાથે પર્યાવરણ - પ્રકૃતિના જતન માટે પહેલ કરવામાં આવી છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિ માટે રચનાત્મક અભિગમ સાથે જુદા-જુદા કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ સાથે ગરવો ગિરનાર સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત રહે તે માટે પણ જરૂરી કામગીરી કરવામાં આવી રહી છે.

# ઉનામાં 'રામનવમી' પર્વ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા યોજાઈ

## તાલુકાભરના હજારોની સંખ્યામાં રામભક્તો જોડાયા



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૯

ઉના શહેર અને તાલુકાના વિવિધ ગામોમાં પવિત્ર તહેવાર રામનવમી નિમિત્તે સમસ્ત હિન્દુ સમાજ તેમજ શ્રી રામ કૃષ્ણ જન્મોત્સવ સમિતિ દ્વારા ઐતિહાસિક ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ પ્રસંગે રામજી મંદિરમાં રંગબેરંગી લાઈટોથી સુશોભિત કરવામાં આવ્યુ હતું. શહેરમાં શ્રીનાથજી હવેલી પાસે રામજી મંદિરે વિધિવત પૂજા અર્ચના કરી શોભાયાત્રા પ્રસ્થાન થઈ હતી અને આ શોભાયાત્રા ડી.જેના તાલે ધામધૂમથી વિવિધ બજારોમાંથી મુખ્યમાર્ગ ઉપરથી નીકળી વડલા ચોક, બસ સ્ટેશન, ત્રિકોણ બાગ, ટાવર ચોકથી રામજી મંદિર સુધી આ શોભાયાત્રામાં શહેર અને તાલુકાભરના હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. અગાઉથી રામભક્તો યુવાનો દ્વારા ટાવર ચોક, ત્રિકોણ બાગ, બસ સ્ટેશન જેવા મુખ્ય માર્ગ ઉપર, હનુમાન દાદાની પ્રતિમા, રામ ભગવાનની ૨૧ ફુટ ઉંચી પ્રતિમાં, અખંડ ભારત, શબરીબાઈ શ્રીરામ મીલાપ, રામમુવેબલ પ્રતીમા તથા રામાયણના પાત્રો, ગૌમાતા સાથે સેલ્ફી પોઈન્ટ, સંજીવની લઈ જતાં હનુમાનજી, રામ કિર્તન કરતા હનુમાનજી, ભગવા વૃક્ષ,યોગી મહારાજ, વાનરસેના,રામસેતુ સહીત વિવિધ ફલોટનું પ્રદર્શન રંગબેરંગીન લાઈટો સાથે ગોઠવવામાં આવી હતી.

રાત્રિના સમયે લોકો બાળકોને લઈને શહેરનો નજારો જોવા મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. જેમાં લોકોએ પોતાના મોબાઈલમાં સેલ્ફી ફોટો પાડી અનેરો ઉત્સાહ અનુભવ્યો હતો. શહેરમાં રામનવમી નિમિત્તે સૈરાષ્ટ્રની અને ઉના શહેરની ઐતિહાસીક શોભાયાત્રા નિકળી. આ ભવ્ય શોભાયાત્રામાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા. ત્યારે લોકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો અને સમગ્ર શહેર અને તાલુકો જાણે અયોધ્યા બન્યુ હોય તેવો મહોલ સર્જાયો હતો.

# રિવર ફ્રન્ટ ઉપર બનેલી અધ્યાત્મ નગરીમાં ૩૫ જૈન દીક્ષાના ઐતિહાસિક મહોત્સવ માટે ૪૦૦થી વધુ સાધુ-સાધ્વીજીનો ભવ્ય પ્રવેશ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરના સદીઓના ઈતિહાસમાં પહેલી વખત યોજાઈ રહેલા ૩૫ દીક્ષાના મહોત્સવ માટે પધારેલા ૧૫ આચાર્ય ભગવંતો, સાધુ ભગવંતો અને સાધ્વીજી ભગવંતો ઉપરાંત ૩૫ મુમુક્ષુઓ અને તેમના પરિવારજનો આજે ભવ્ય સામૈયા સાથે રિવર ફ્રન્ટ ઉપર બનેલી ભવ્ય અધ્યાત્મ નગરીમાં પ્રવેશ્યા હતા.

તેમની શોભાયાત્રા સુવિધા ચાર રસ્તાથી શરૂ થઈને પ્રીતમ નગર અખાડા થઈને સાબરમતી રિવર ફ્રન્ટ પહોંચી ત્યારે ૧૨ ગજરાજ ઉપર બિરાજેલા મુમુક્ષુઓ પણ અધ્યાત્મ નગરીમાં પ્રવેશ્યા હતા.

રિવર ફ્રન્ટ ઉપર ભવ્ય અધ્યાત્મ નગરી તૈયાર કરવા માટે આશરે ૧,૦૦૦થી વધુ કારીગરો અને મજૂરો દિવસરાત કામ કરી રહ્યા હતા.અધ્યાત્મ નગરીમાં આશરે ૧૦,૦૦૦ ચોરસ ફૂટના ભવ્ય મહેલ જેવા જિનમંદિરમાં ૨૩માં તીર્થંકર શ્રી સહસફણા પાર્શ્વનાથ ભગવાનની નયનરમ્ય મૂર્તિ બિરાજમાન કરવામાં આવી છે. અધ્યાત્મ નગરીમાં આશરે ૯૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ભવ્ય સભા મંડપની રચના કરવામાં આવી છે જેમાં આશરે ૨૫,૦૦૦ શ્રધ્ધાળુઓ બેસીને દીક્ષાનો મહોત્સવ માણી શકશે. અધ્યાત્મ નગરીમાં આશરે ૩,૦૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ભોજન કક્ષની રચના કરવામાં આવી છે, જેમાં એક પંગતમાં બેસીને ૩,૨૦૦ ભાવિકો ભોજન કરી શકાશે.અધ્યાત્મ નગરીમાં પહેલી વખત નર્કની આબેહૂબ રચના કરવામાં આવી છે, જેમાં પરમાધામી દેવો નર્કના જીવોને કેવી યાતના આપે છે, તેના જીવંત દશ્યો જોવા મળશે.

અધ્યાત્મ નગરીમાં એક ભવ્ય થિયેટર બનાવવામાં આવ્યું છે, જેમાં જૈન શાસનની શૌર્ય ગાથાઓ લઘુ નાટીકાના સ્વરૂપમાં દર્શાવવામાં આવશે.અધ્યાત્મ નગરીમાં એક પુસ્તકની પરબ ખોલવામાં આવી છે, જેમાં જૈન ધર્મનું તત્વજ્ઞાન પીરસતા પુસ્તકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. કુલ પાંચ દિવસના ભવ્ય મહોત્સવ દરમિયાન છે વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવશે.

# ખંભાળિયા રાજપૂત સમાજના પૂર્વ પ્રમુખ નાથુભા ગોવુભા જાડેજાનું અવસાન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળીયા, તા.૧૯

જામ ખંભાળિયાઃ મૂળ ભાતેલ વાળા નાથુભા ગોવુભા જાડેજા (ઉ.વ. ૭૫, પૂર્વ પ્રમુખ, રાજપુત સમાજ, જામ ખંભાળિયા) તે સહદેવસિંહ જાડેજા (એલ.સી.બી. વાળા)ના પિતાશ્રી તા. ૧૭ ના રોજ અવસાન પામ્યા છે. તેમનું બેસણું શનિવાર તા. ૨૦ ના રોજ સાંજે ૬ થી ૬:૩૦ અત્રે જલારામ મંદિર પ્રાર્થના હોલ ખાતે રાખવામાં આવેલ છે.

# મોબ લિંચિંગ કેસમાં સિલેક્ટિવ થવાની જરૂર નથી : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૧૯

મોબ લિંચિંગનો ભોગ બનેલા લઘુમતી પરિવારોને સહાય પૂરી પાડવા અને ગૌ રક્ષકો વિરુદ્ધ કાર્યવાહી અંગેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે અરજદારોને ફટકાર લગાવતા કહ્યું હતું કે તમે કોઈ ચોક્કસ રાજ્ય કે સંપ્રદાય પ્રત્યે સિલેક્ટિવ ના થઈ શકો. અરજદાર વકીલોએ સુપ્રીમ કોર્ટ પાસે માંગ કરી હતી કે મોબ લિંચિંગનો ભોગ બનેલા લઘુમતીઓને તાત્કાલિક ધોરણે આર્થિક સહાય આપવામાં આવે અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે આ અંગે સુનાવણી કરતાં અરજદાર વકીલો સામે સવાલ કર્યો હતો કે ઉદયપુરમાં ધોળા દિવસે માર્યા ગયેલા દરજી કન્હૈયા લાલના કિસ્સામાં તમારું શું કહેવું છે. કોર્ટે આ કેસને ઉનાળાની રજાઓ સુધી મુલતવી રાખ્યો છે. હવે આ કેસની સુનાવણી ૭ જુલાઈ પછી થશે. કોર્ટે વકીલોને ઠપકો આપતા કહ્યું હતું કે આ મામલે સિલેક્ટિવ બનવાની જરૂર નથી. સુપ્રીમ કોર્ટે અરજદારો વતી હાજર રહેલા વકીલ નિઝામ પાશાને પૂછ્યું હતું કે રાજસ્થાનના દરજી કન્હૈયા લાલ જેનું લિંચિંગ કરવામાં આવ્યું હતું તેનું શું થયું હતું. તેમણે કહ્યું કે તમે કોઈ ચોક્કસ રાજ્ય અથવા ધર્મ વિશે સિલેક્ટિવ ના થઈ શકો. ઉલ્લેખનીય છે કે ભાજપના પૂર્વ પ્રવક્તા નુપુર શર્માના નિવેદનને સમર્થન આપતા સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યા બાદ કન્હૈયા લાલની તેમની દુકાનમાં જ ગળું કાપીને નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં વકીલ અર્ચના પાઠકે કહ્યું કે, આ માત્ર મુસ્લિમોની લિંચિંગની વાત છે. તેમણે કહ્યું કે કોઈ આટલું સિલેક્ટિવ કેવી રીતે બની શકે? કોઈપણ રાષ્ટ્રે તમામ ધર્મના લોકોની રક્ષા કરવી જોઈએ. એડવોકેટ પાશાએ કહ્યું કે, માત્ર મુસ્લિમોને જ મારવામાં આવે છે અને આ હકીકત છે. કોર્ટે કહ્યું કે તમારે ખાતરી કરવી જોઈએ કે અરજી સિલેક્ટિવ ના બને.

# પોસ્ટલ બેલેટ માટેના ફોર્મ-૧૨ નું આદાન-પ્રદાન કરવા અમદાવાદ ખાતે યોજાયો પ્રથમ એક્ષચેન્જ મેળો










(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૯

ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે તે માટે તેમના દ્વારા રજૂ થયેલા ફોર્મ-૧૨ નું આદાન-પ્રદાન કરવા માટે રાજ્ય કક્ષાના પ્રથમ એક્ષચેન્જ મેળાનું અમદાવાદના પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઑડિટોરીયમ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. પોતાના અથાક પ્રયત્નો, પ્રતિબદ્ધતા, સમર્પણ અને સખત મહેનત થકી મુક્ત, ન્યાયી, નિષ્પક્ષ અને પારદર્શી ચૂંટણીઓ સંપન્ન કરવામાં જેમનું પાયાનું યોગદાન છે એવા ચૂંટણી ફરજ પર રોકાયેલા કર્મનિષ્ઠ કર્મચારીઓ મતદાનથી વંચિત ન રહી જાય તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તેમને પોસ્ટલ બેલેટથી મતદાનની સુવિધા આપવામાં આવે છે. આવા કર્મચારીઓ દ્વારા ભરવામાં આવેલા ફોર્મ-૧૨ ના આદાન-પ્રદાન માટે યોજાયેલા આ એક્ષચેન્જ મેળામાં રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ ઉપસ્થિત રહી કામગીરીનું નિરિક્ષણ કર્યું હતું અને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આ પ્રસંગે શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, ભારતના ચૂંટણી પંચની નવી ગાઈડલાઈન અનુસાર લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની પ્રક્રિયામાં ફરજ પર નિયુક્ત કરવામાં આવેલા અધિકારીઓ અને કર્મચારીશ્રીઓ પોસ્ટલ બેલેટ પેપર મારફતે પોતાની ફરજ સ્થળ પરથી મતદાન કરી શકે તે માટેની સુચારૂ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. મુખ્ય નિર્વાચન અધિકારીએ કહ્યું હતું કે, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે યોજાયેલા રાજયકક્ષાના પ્રથમ એક્ષચેન્જ મેળાની કામગીરીમાં દરેક જિલ્લાના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ સારો સહયોગ આપ્યો છે અને આ પ્રકારની વ્યવસ્થાથી ચૂંટણી ફરજમાં રોકાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ સરળતાથી મતદાન કરી શકશે, જેનાથી મતદાનમાં વધારો થશે. રાજ્યકક્ષાના પ્રથમ ઍક્ષચેન્જ મેળાનો હેતુ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ તથા વિધાનસભાની પેટાચૂંટણીની પ્રક્રિયામાં ફરજ પર નિયુક્ત કરવામાં આવેલા કર્મચારીઓ બેલેટ પેપર મારફતે મતદાન કરી શકે તે માટે તેમના દ્વારા ભરવામાં આવેલા ફોર્મ ૧૨ વિવિધ જિલ્લામાંથી મેળવી આવા કર્મચારીઓ જે સંસદીય મતવિસ્તારમાં મતદાર તરીકે નોંધાયેલા છે, તે સંસદીય મતવિસ્તારના ચૂંટણી અધિકારીને સુપ્રત કરવા માટેનો હતો. આ મેળામાં તમામ ૩૩ જિલ્લાના પોસ્ટલ નોડલ અધિકારીઓ દ્વારા પોસ્ટલ બેલેટ માટે ભરવામાં આવેલા કુલ ૨.૯૪ લાખથી વધુ ફોર્મ-૧૨ રાજ્યના ૨૬ લોકસભા મતવિસ્તારના ચૂંટણી અધિકારીઓને સોંપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમગ્ર પ્રક્રિયા સુચારૂરૂપે સંપન્ન થાય તે માટે સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી એ. બી. પટેલે ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

# માંગરોળમાં વિશ્વ હિન્દુ પરિષદ - બજરંગ દળ દ્વારા દિવ્ય શોભાયાત્રાના આયોજન યોજી શ્રીરામ નવમીની ભવ્ય ઉજવણી કરાઈ





(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૯

માંગરોળમાં વિશ્વ હિન્દુ પરિષદ.બજરંગ દળ તેમજ શ્રીરામ ધુન મંડળના નેજા હેઠળ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે શહેરમાં વિશાળ શોભાયાત્રા નિકળી હતી જેમા વિશાળ સંખ્યામાં લોકો ડીજેના તાલે વિવિધ સંગઠનો યુવક મંડળો દ્વારા તૈયાર કરેલ કલાત્મક આકર્ષક ઝાંખીઓ સાથે કેસરીયા સાફા માં સજ્જ ભગવા ધ્વજો સાથે રામ ભક્તો જય જય શ્રીરામ ના નારાઓથી સમગ્ર નગર ગુંજી ઉઠ?યુ હતુ માંગરોળની આ શોભાયાત્રા સૌરાષ્ટ્ર ની સૌથી મોટી અને સૌથી લાંબા રૂટની ઐતિહાસિક શોભાયાત્રા બની હતી આ શોભાયાત્રા બહારકોટ થી પ્રસ્થાન થઈ શહેર ના મુખ્ય માર્ગો ઉપર પસાર થતા દરેક રુટો પર ધર્મ પ્રેમી લોકો દ્વારા પુષ્પ વર્ષા થી સ્વાગત કરાયુ દરેક ચોક પર સરબોતો આઈસક્રીમ છાસ અને ઠંડુ પાણી પીવડાવાની સુંદર વ્યવસ્થા કરાઈ હતી આ શોભાયાત્રા લાલજી મંદિર ચોક ખાતે પુર્ણ કર્યા બાદ વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના આગેવાનો દ્વારા કલાત્મક આકર્ષક ફ્લોટ્સના આયોજકોને અયોધ્યા શ્રીરામ ભગવાનની છબી આપી પ્રોત્સાહિત કર્યા હતા તેમજ શોભાયાત્રાને સફળ બનાવવા જોડાયેલ તમામ લોકો અને સુંદર બંદોબસ્ત રાખી સહયોગ આપવા બદલ સમગ્ર પોલીસ વિભાગ સહીત મામલતદાર, નગરપાલીકા, જીઈબી, દાતાઓનો તેમા લીમડાચોક શુસોભનના મુખ્ય દાતાશ્રી મુળ માંગરોળના હાલ મુંબઈમા રહેતા દાનવીર જયેશભાઈ જેઠાલાલ શાહ પરિવાર સહીત શોભાયાત્રા સાથ સહકાર આપનાર તમામનો રામભકતોનો આભાર વ્યકત કરવામા આવ્યો હતો.

વિશ્વ હિન્દુ પરિષદ.બજરંગ દળ દ્વારા આ શોભાયાત્રાને ભવ્ય અને દિવ્ય બનાવવા માંગરોળ શહેરની અંદર મોટી માત્રામાં ગેટ સાથે બેનરો અને હોર્ડિંગ્સ રસ્તાઓ ઉપર દુકાનો મકાનોમાં ભગવા ધ્વજો અને શહેરના મુખ્ય લીમડાચોક ની સજાવટ સહીતના અલગ અલગ કામોને પુર્ણ કરવા વિશ્વ હિન્દુ પરિષદના વિભાગ આગેવાન વિનુભાઈ મેસવાણિયા, વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ પ્રકાશભાઈ લાલવાણી, ઉપપ્રમુખ પરેશભાઈ જોશી, મહેશભાઈ ઘેરાવડા, પંકજભાઈ રાજપરા,બજરંગ દળના ધવલ પરમાર, અમીશ પરમાર, વિમલ ગોંડલીયા, દર્શન પટ્ટણી સહીતના હોદેદારો અને બજરંગદળના યુવાનો કાર્યકતાઓ દ્વારા દિવસ રાત મહેનત કરી રામમય માહોલ બનાવ્યો હતો. આ દિવ્ય શોભાયાત્રામાં જુનાગઢ તેમજ ગીર સોમનાથનાં યુવા સાંસદ રાજેશભાઈ ચુડાસમા, માંગરોળ મત વિસ્તારના ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગટીયા, ભાજપનાં રાષ્ટ્રીય બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ વેલજીભાઈ મસાણી, જીલ્લા ભાજપ આગેવાન માલદેભાઈ ભાદરકા, શહેર ભાજપ પ્રમુખ લિનેશભાઈ સોમૈયા, હરીશભાઈ રૂપારેલીયા, કિશનભાઈ પરમાર,તરુણગીરી બાપુ,પ્રફુલભાઈ નાંદોલા, રાકેશભાઈ ભરડા સહીતના અગ્રણીઓ માંગરોળ શહેરના તમામ જ્ઞાતિનાં પ્રમુખો આગેવાનો વેપારી અગ્રણીઓ, ધાર્મિક સામાજિક રાજકીય સંગઠનોનાં પ્રતિનિધિઓ તેમજ માંગરોળ શહેર તેમજ આસપાસનાં ગ્રામ્ય વિસ્તારની ધર્મપ્રેમી જનતા ખુબ વિશાળ સંખ્યામાં શોભાયાત્રા માં જોડાઈ શ્રીરામ નવમીની હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી.

જૂનાગઢ મહાનગરપાલિકા

**સાધારણ સભા**

પરીપત્ર નં.૧

માનનીય સભ્યશ્રી,

જૂનાગઢ મહાનગરપાલિકાની સાધારણ સભા કાર્યસુચિ પરીપત્ર નં.૧ના કાર્ય માટે નીચે જણાવેલ તારીખ/ સ્થળે રાખેલ છે. જેમાં હાજરી આપવા વિનંતી છે.

તારીખ : ૨૦/૪/૨૦૨૪, શનિવાર
સમય : બપોરના ૧૨ : ૦૦ કલાકે
સ્થળ : "શ્રી પંડિત દિનદયાલ ઉપાધ્યાય સભાખંડ", શ્રી સ્વામી વિવેકાનંદ ભવન, ત્રીજો માળ, મહાનગરપાલિકા કચેરી–જૂનાગઢ.

(કલ્પેશ જી. ટોલીયા)
સેક્રેટરી,
મહાનગરપાલિકા જૂનાગઢ

(ગીતાબેન એમ. પરમાર)
મેયર,
મહાનગરપાલિકા જૂનાગઢ

માહિતી/જૂના/૦૨/૨૦૨૪


# લવાજમ યોજના ૨૦૨૪-૨૫

No.1

સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર...

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

કોઈ ભેટ નહી,
કોઈ ડ્રો નહી,
કોઈ સ્કીમ નહી...
ડાયરેકટ રોકડો ફાયદો

લવાજમ યોજના

ફકત એક સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક જ સસ્તુ - સારૂ અને સર્વમાન્ય અખબાર છે તો આજે જ લવાજમ ભરો અને આખુ વર્ષ નિશ્ચિંત થઈ જાવ

રૂા. ૪૦૦/-

વાર્ષિક લવાજમ ભરો અને આખું વર્ષ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક મેળવો

આખા વર્ષની કિંમત
રૂા. ૪૬૨
રૂા. ૬૨
રૂા. ૪૦૦ લવાજમ

લવાજમની મુદત :
તા. ૧-૪-૨૦૨૪ થી ૩૧-૩-૨૦૨૫ સુધી

જૂનાગઢ શહેરમાં વાર્ષિક લવાજમ ભરવા માટે સંપર્ક કરો

વાર્ષિક લવાજમ ભરવાની છેલ્લી તા.૩૧-૫-૨૦૨૪ સુધી જ

: ખાસ નોંધ :
એજન્ટોએ બે મહિનાની અંદર જ લવાજમનું પેમેન્ટ કરવાનું રહેશે. ત્યારબાદ માસિક બીલ પ્રમાણે હિસાબ થશે

જૂનાગઢ શહેરમાં વાર્ષિક લવાજમ ભરવા માટે સંપર્ક કરો

જૂનાગઢ શહેર એજન્ટ
અલ્તાફ કલ્યાણી
મો. ૯૩૨૭૩ ૫૦૪૮૬

સોલસેલીંગ એજન્ટ
આરના શકિત ન્યુઝ એજન્સી મો. ૯૮૯૮૦ ૬૩૦૬૪
જૂનાગઢ શહેર જીલ્લા તેમજ અમરેલી, દેવભૂમિ દ્વારકા, જામનગર, રાજકોટ, ગીર સોમનાથ, ભાવનગર, પોરબંદર, બોટાદ, સુરેન્દ્રનગર, મોરબી, ભૂજ-કચ્છ જીલ્લાનાં સોલસેલીંગ એજન્ટ

: ખાસ નોંધ :
બે મહિનાની અંદર લવાજમનું પેમેન્ટ નહી કરનાર અજન્ટની એજન્સી રદ કરી નાખવામાં આવશે

જલારામ બુક સ્ટોર
પંચહાટડી ચોક, જૂનાગઢ.
મો. ૯૯૦૯૪ ૬૨૦૪૧

નિલેશ રાજપરા
માંગરોળ
મો. ૯૮૨૪૪ ૦૫૭૫૬

નિલેશ નથવાણી
મહાલક્ષ્મી સ્ટ્રીટ, જૂનાગઢ
ફોન : ૯૩૭૬૬ ૦૫૫૬૨

સુલતાન ચૌહાણ
બિલખા
મો. ૮૦૦૦૨ ૬૪૦૫૦

નીરવ ગઢીયા
ઉના- દિવ
મો. ૯૭૩૭૪ ૫૬૦૦૦

હિતેષ જોષી
કેશોદ
મો. ૯૯૦૪૮ ૧૬૭૫૧

રાકેશ પરડવા
વેરાવળ
મો. ૯૨૨૭૬ ૨૨૨૧૦

રમેશ કારીયા
માળીયા હાટીના અને અમરાપુર
મો. ૯૭૨૪૭ ૭૪૭૫૨
મો. ૯૫૮૬૧ ૯૨૯૭૯

એન.એચ. મકવાણા
માણાવદર
મો. ૬૩૫૩૭ ૫૧૧૬૬

લવાજમ ભરા આપના ગ્રામ્ય, તાલુકા અને શહેરમાં આપના એજન્ટોનો સંપર્ક કરવો

નોંધ : આપના વિતરક / એજન્ટભાઈને જ લવાજમની રકમ આપવી અને તેની પાસેથી જ રસદ મેળવી લેવી. પેપર મોકલવાની જવાબદારી ફકત એજન્ટ રહેશે. (જેમાં પ્રેસ જવાબદાર નથી)

રાકેશ સામાણી
દેવભૂમિ દ્વારકા
મો. ૮૨૦૦૫ ૯૬૬૦૫

પ્રતાપ કોટીયા
પ્રભાસ પાટણ / વેરાવળ

નવી એજન્સી આપવાની છે : અમરેલી, વંથલી, મેંદરડા, સુત્રાપાડા, પ્રાંચી, બાંટવા, ધોરાજી, કુતિયાણા, રાણાવાવ, પોરબંદર પેટા એજન્સી આવાની છે. (ઉત્સાહી એજન્ટોએ રૂબરૂ પ્રેસ કાર્યાલયે તત્કાલ સંપર્ક કરવો.)

દિપક જાદવ
પ્રાંચી
મો. ૯૫૮૬૮ ૨૦૫૧૬

કુંજન રાડીયા
જામ-ખંભાળીયા
મો. ૯૯૧૩૭ ૦૧૭૧૧


CMYK CMYK CMYK

### ચૂંટણી પ્રચાર પડઘમ વાગી રહ્યા છે ત્યારે

# જૂનાગઢની જનતા અનેક સમસ્યાઓથી પીડીત

**દર પાંચ વર્ષે ચૂંટણી યોજાય છે અને પાંચ વર્ષના સમયગાળામાં ચૂંટાયેલા લોકસેવકની આવકમાં વધારો થાય છે, જયારે સામાન્ય જનતા હતી ત્યાંને ત્યાં જ રહે છે !!**

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૯

ચૂંટણીના પ્રચાર પડઘમ વચ્ચે જૂનાગઢની જનતા હાલ અનેક પ્રાણ પ્રશ્નોથી પીડાઈ રહી છે અને પ્રજાના સળગતા પ્રશ્નો હલ થાય તેમજ લોકોને કોઈપણ ફરીયાદ ન રહે તેવી કામગીરી કોણ કરી શકશે તેની રાહમાં વર્ષો થયા અટવાયેલી અને મુંજાયેલી રહી છે. દર પાંચ વર્ષે ચૂંટણીઓ યોજાઈ છે અને ચૂંટણી ટાણે પાર દર્શક વહીવટના વચનો આપનારા કહેવાતા નેતાઓ ભ્રષ્ટાચારના 'મહાપાતક'માં ડુબી જાય છે. પાંચ વર્ષના સમય ગાળામાં પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ એટલે કે ધારાસભ્ય, સંસદ સભ્યની આવકમાં પાંચ ગણો વધારો થઈ જાતો હોય છે. જયારે સામાન્ય લોકોની આવકમાં કયાંય વધારો થતો નથી અને જૈસેથે જેવી હાલત રહે છે. જૂનાગઢ શહેરનો વિકાસ એ પણ સર્વાંગી જે થવો જોઈએ એ આજ દિવસ સુધી થઈ શકયો નથી અથવા તો કરવામાં આવ્યો નથી. મહાનગર પાલીકાના શાસનકાળથી ખાસ કરીને ભાજપના શાસન કાળમાં નરસિંહ મહેતા સરોવરનો કથીત વિકાસ, નરસિંહ મહેતા ચોરાનો વિકાસ, દામોદરકુંડ વિકાસ, ફાટકલેસની વાત હોય કે જૂનાગઢ શહેરના રસ્તાની વાત હોય ૨૦ વર્ષ પહેલા જે સ્થિતિ હતી તેજી જ સ્થિતી આજે પણ એ જ જોવા મળે છે. ટુંકમાં જૂનાગઢવાસીઓને અત્યાર સુધીમાં કોઈ સારી સુવિધા અપાવી શકે તેવો કોઈ 'નેતા' પ્રાપ્ત થયો નથી. છેલ્લા ત્રણ દાયકાની રાજકીય

**પારદર્શક વહીવટના વચનો આપી ઉડીને આંખે વળગે તેવા ભ્રષ્ટાચાર આચરનાર અનેક કહેવાતા નેતા ઓ જૂનાગઢની વર્તમાન સ્થિતિ માટે જવાબદાર**

સફરમાં જૂનાગઢને ઘણા નેતાઓ મળ્યા છે પરંતુ આ કહેવાતા નેતાઓએ કોઈ જાતની પ્રજાને સુખનો ઓડકાર આવે તેવી કામગીરી કરી નથી તે પણ એટલી જ સત્ય હકિકત છે. જૂનાગઢ શહેરના વિકાસ અને પ્રગતિ જો કોઈના કારણે અટકી હોય તો તેના કારણમાં માત્ર ને માત્ર કેટલાક નેતાઓના કારણે જૂનાગઢ શહેરની માઠી બેઠી ગઈ છે. તેવું લોકો છડેચોક બોલી રહ્યા છે. હાલ લોકસભાની ચૂંટણીમાં જૂનાગઢની બેઠક ઉપર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા છે. ત્યારે જનતાનો ઝોક કોના તરફ વળે છે તે તો આગામી સમય બતાવશે. બીજી તરફ લોકસભાની ચૂંટણી સંપન્ન થયા બાદ નજીકના સમયમાં જૂનાગઢ મહાનગરપાલીકાની ચૂંટણી યોજાશે ત્યારે કોર્પોરેશનની ચૂંટણીમાં જૂનાગઢની જનતા નવા જુનીના મુંડમાં હોવાનું જણાય રહ્યું છે.

## જૂનાગઢના પીએસઆઈનો ઉધડો લેતા સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા : વિડીયો થયો વાયરલ



**કોંગ્રેસના ઉમેદવાર ફોર્મ ભરવા જતા સમયે બનેલો બનાવ : ભારે રકઝક થતા ટ્રાફીક જામ થયો હતો**

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ શહેરમાં ગઈકાલે કલેકટર કચેરી નજીક સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાની કારને ફરજ ઉપરના પોલીસ સ્ટાફે અટકાવતા ધારાસભ્ય વિમલ ચુડાસમાએ પીએસઆઈનો જાહેરમાં ઉધડો લીધો હતો એટલું જ નહી તમે ભાજપના પટ્ટા પહેરીને રોફ નહી મારો પરંતુ કાયદેસર રીતે તમારી ફરજ બજાવો તેવું કહ્યું હતું અને આ અંગેનો વિડીયો સોશયલ મિડીયામાં ધુમ મચાવી રહ્યો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર ગઈકાલે જૂનાગઢ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર હીરાભાઈ જોટવા ફોર્મ ભરવા માટે કલેકટર કચેરીએ ગયેલા ત્યારે સોમનાથના કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા પણ તેમની કાર લઈને સમર્થકો સાથે પહોંચ્યા હતા પરંતુ તેઓ થોડાક મોડા પડયા હોય ફોર્મ ભરવા માટે આગેવાનો અંદર જતા રહ્યા હતા ત્યારે ધારાસભ્ય વિમલ ચુડાસમાની કારને ફરજ ઉપરના પોલીસ સ્ટાફે અટકાવી દીધી હતી. જેના પરિણામે તેઓ નીચે ઉતરીને પીએસઆઈ એચ.બી. ચૌહાણ સાથે રકઝક થઈ હતી. ત્યારે પોલીસે નિયમ મુજબ કાર અટકાવી હોવાનું જણાવ્યું હતું અને અમારા સાહેબને પુછી લઉ તેમ કહેતા ધારાસભ્ય વિમલ ચુડાસમાએ પીએસઆઈને જણાવ્યું હતું કે, તમારા સાહેબ એ મારા સાહેબ થોડા છે અને તમે નોકરીમાં છો તો મને લીસ્ટ આપો કે કેટલી ગાડીનું લીસ્ટ છે અને પોલીસના નામે સીનસપાટા કરો છો તેમ કહીને પોલીસ હપ્તા લેતી હોવાના પણ આક્ષેપ કર્યા હતા. એક તકે તો એડીશ્નલ કલેકટરની કાર પણ ટ્રાફિક જામમાં અટકાઈ પડી હતી. ધારાસભ્ય વિમલ ચુડાસમાએ જણાવી દીધુ હતું કે હું પ્રજાનો પ્રતિનિધિ છું અને ડીવાયએસપી પણ મને રોકી ન શકે, કાયદા મુજબ નોકરી કરો તેમ કહી પોલીસ અધિકારી સાથે ઉગ્ર રકઝક કરી હતી. આ મામલો જે તે સમયે બન્યો ત્યારે ટ્રાફીક જામ પણ થઈ ગયો હતો અને લોકો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. દરમ્યાન બાદમાં પોલીસે ધારાસભ્ય વિમલ ચુડાસમાની કારને અંદર જવા દીધી હતી અને આખરે મામલો શાંત પડયો હતો. ધારાસભ્ય વિમલ ચુડાસમા અને પીએસઆઈ વચ્ચે થયેલી બબાલનો વિડીયો વાયરલ થયો હતો.

## જૂનાગઢ શનિ મંદિરે દશાંશ યજ્ઞ



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૯

ભવનાથ તળેટી સ્થિત શ્રી શનિદેવ મંદિર ખાતે મહંત તુલસીનાથ બાપુ અને એકતાનાથ દ્વારા ચૈત્રી નવરાત્રી અનુષ્ઠાન કરવામાં આવેલ જેની ઉજવણીમાં ચંડીપાઠ સંયુક મંત્ર અને દશાંશ યજ્ઞ યોજાયો હતો. પુ. તુલસીનાથ બાપુએ જણાવ્યું હતું કે, દર વર્ષે ચૈત્રી નવરાત્રી દરમ્યાન જગત કલ્યાણ અને તમામ રોગોના નાસ કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે ગઈકાલે દશાંશ યજ્ઞ યોજાયો હતો અને વિશ્વ કલ્યાપણ અર્થે પુ. બાપુ દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી.

## પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂ ઉપર સફળ બાયપાસ સર્જરી : આઈસીયુમાં રખાયા



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ લોહાણા સમાજના પ્રમુખ, જલારામ સેવા ટ્રસ્ટના પ્રમુખ તેમજ પૂર્વ મેયર અને પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂને ગઈકાલે અમદાવાદની જાણીતી હોસ્પિટલ સીમ્સમાં બપોરે ૨ વાગ્યે બાયપાસ સર્જરી કરવામાં આવી હતી. ડો. ધીરેન શાહ, ડો. મીલન ચગ અને ડો. ધવલ નાયકની દેખરેખ હેઠળ બાયપાસની સર્જરી સફળ રીતે થઈ હતી. પૂ. જલારામ બાપાની અસીમ કૃપા અને સૌ વડીલોના આર્શીવાદ અને મિત્રોની લાગણી અને પ્રેમ શુભેચ્છાથી બાયપાસ સર્જરીની કામગીરી સફળ રીતે સંપન્ન થઈ છે અને પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂની તબીયત સુધારા ઉપર છે અને તેઓને ત્રણ દિવસ આઈસીયુમાં રાખશે અને ત્યારબાદ નોર્મલ રૂમમાં આવી જશે. ગઈકાલે બાયપાસ સર્જરી દરમ્યાન પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂની સાથે રહેલા શુભચીંતક હિમાંશુ કારીયા, સમીરભાઈ દિવાન વિગેરે ખડેપગે સેવા કરી રહ્યા છે તેમજ ખમીરભાઈ મજમુદાર પણ ગઈકાલે ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ મશરૂ ઉપર સફળ બાયપાસ સર્જરી સંપન્ન થઈ જતા તેઓ વહેલી તકે સ્વસ્થ થઈ જાય તેવી શુભકામના શુભચિંતકો દ્વારા કરવામાં આવી રહી છે.







